નવરાત્રીમાં ગાવાના

ગરબા.

(ભગવતી કાવ્ય.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે—બુકસેલર.

પુસ્તકાલય—અમદાવાદ.

આવૃત્તિ ત્રીજી — કોપી ૨૦૦૦.

અમદાવાદ.

શ્રી જૈન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યા.

સંવત ૧૯૫૯. સને ૧૯૦૩.

नवरात्रिमां गावाना गरबा.
भाग १ लो.

१ અથ શ્રી ભીમનાથનો છંદ.

નીરખો નીલકાના નીવાશીરે, નીલકાના નીવાસી.
મહીપત મોટા છો મેવાસીરે, નીલકાના.
રાજ જ્યાં વસો ત્યાં કાશીરે, નીલકાના.
દરશન કરતાં મટે ઉદાશીરે, નીલકાના.
ખજમત કરતાં આપો કાશીરે, નીલકાના.
શીવજી બેઠા છો કેલાશરે, નીલકાના.

ઢાળ.

પાંડવ રાજા પૃથ્વી માંહી, આવ્યા તીરથ કરતા,
ભાવે ભગતી અરજુન પાંડવ, (૨) શીવજીની શેવા કરતારે નીલકાન.

સાત અપવાસ થયા અરજુને, ભીમને ચીંતા વાપી;
ભીમશેન તો ત્યાંથી ચાલ્યા,(૨)મન મનસુબો બાંધીરે. નીલકાના.

અઢારભાર વનસપતી જોઇને, માહા મત થઇ છે મોટી;
અખંડ જાળની હેઠે આવી,(૨ ભીમે વાળી લોટીરે. નીલકાના.

ભોળાનાથની ભાળ કરીને, આવ્યા ભ્રાતની પાસે;
શીવશંકરની શેવા કરતા,(૨)સુફળ પરવણી થાશેરે. નીલકાના.

વરકોદરનાં વચન સુણીને, ચાલ્યા પાંચે ભ્રાત;
પાતરીયું પુજાની લીધી,(૨)સાથે કુંતા માતરે. નીલકાના.

પંચામ્રત પુજા ઉપજાવી, પેર પેરની કીધી;
નૈવેદ આરતી પુષ્પાંજળી ભણી,(૨)નમણ લળી લળી લીધીરે.

પાંચે ભ્રાત મળીને બેઠા, કીધો વનફળ આહાર;
અમૃત વાણી મનમાં જાણી,(૨)બોલ્યા વચન કુમાર. નીલકાના.

વરકોદરતો વળતી બોલ્યા, સાંભળ ભ્રાતજ મારા;

પારખું પોતાનું જોતાં, (૨) પ્રગટી દુધની ધારારે. નીલકાના.
અદ્દભુત એવું અચરજ જોઇ, બોલ્યા કુંતાજી માત;
ભગતીના વાશી કૈલાશી,(૨)થાપી કો ભીમનાથરે. નીલકાના.

સાચા ખોટાના સમજાશે, દેશ દેશમાં ડંકો;
રીઝે તેને રીધી સીધી આપે,(૨)છે ભીમાણુંદ બંકો. નીલકાના.

ધમશાણે ઘોડા દાતારો, પુત્ર ધન ઘણું આપે;
બળવારાની જુગતી જોતાં,(૨)કોટી વીધન કાપેરે. નીલકાના.

અમૃતગરને અભય કીધા, ઇસ્વેસર વરદાઇ;
આસણગરને આપે તરૂઠયા,(૩)સજન કીકા સવાઇરે. નીલકાના.

પ્રથમ પાંડવ પ્રગટને, પુજ્યા માહારાજ્ય;
પશ્ચીમ ખેત્ર પત્ર હેમના,(૨)જાલધીશ મહારાજરે. નીલકાના.
ભીમનાથ મુજ હાથ ગ્રહજો, નીલકામાં ગુણ ગાઉં;
ગોવીંદરામ કહે કરજોડી,(૨)કીજે કોમળ કાયારે. નીલકાના.

૨ અથ શ્રી ભીમનાથનો છંદ.

પ્રથમ સમરૂ સરસ્વતીને ગણપતી લાગુ પાય;
ક્રીપા કરો ભોળાનાથજી, ગુણ તમારા ગવાય. ૧

દેશ દેશ ડંકો વાજીઓ, ભલો ભીમાણુંદ રાય;
પારે આવે પ્રેમશું સુખ પામીને ઘેર જાય. ૨
વંઝા બધાવે ભોળો પારણાં, નીદધનીયા ધન થાય;

બારે માસ વીવેકના, સાવણ રૂડો માસ. ૩
વીપ્ર આવે વેગે કરી, પુજાનો નહી પાર;

જુગતે જળ ચઢાવતાં; ઉપર ચંદન સાર. ૪

અક્ષર આખા લાવતાં, પુષ્પ તણો નહીં પાર;
આક ધંતુરો આણીઓ, પત્ર બીલીનાં સાર. ૫

અબીલ ગુલાલ ગડાવતાં, રૂપ તણો નહીં પાર;
નવકુળ નાગે છાયા કરી, ઇચ્છ ધારા સાર. ૬

સોભા વખણું શંભુ તણી, છત્ર તણો નહીં પાર;
વાજાં બાજાં [illegible], ઘુઘરમાળના નાદ. ૭

અંન અપાય અતી ઘણું થાયે ધરમના સાદ;
ધજ રોપો ધજાગરો, જાતાં જમણે હાથ. ૮
સનમુખ બેઠાં સામની, શોભા બની બહુ સાર;
આભુક્ષણ વખાણીએ, કેતાં નાવે પાર. ૯
મોટાં મોટાં વરણવું, સાંભળજો સંસાર;
બંગલી અછોડા બાંધીઆ, નાકે નકવેશર. ૧૦
સેથો પુર્યો શીંદુરનો, બંદીએ જંગાલ;
નૈણે કાળજ સારીઆં, રૂપ તણો નહી પાર. ૧૧
ગળે ગળેબંધ બાંધીઆ, હીચંતા ચંદનહાર;
બાયે બાજુબંધ બેરખા, ચુડલો ઝાક ઝમાળ. ૧૨
કંચવા સાવ કીનખાપનો, ઓઢવા ઓઢણી સોર;
ઘુઘરવટ સોયે ઘાઘરો, ધરતી નસબી કોર. ૧૩
પગમાં લંગર પેરીઆં, ઝાંઝર નાદ ઘનઘોર;
અખંડ દીપક સોહામણા, અગરબતીની કોર. ૧૪
બેકોરે બે મોળીઆં ભીમ અરજુનની જોડ;
સામા વૃક્ષભ સોહામણાં, બેઠા ઓડા ઓડ. ૧૫
ઘંટ ગ્રહીને વજાડતા, બાંધા જોડા જોડ;
જાળતણી જુગતે કહું, પાખરનો નહી પાર. ૧૬
હેઠે મોભડા મેલીઆ, થાંભલા મેલા સાર;
ઉલેચ અતી રળીઆમણા, સોભાનો નહી પાર. ૧૭
દુખ મટાડે દુનીઆં તણાં નમે સહુ સંસાર;
વીપ્ર વેદ ભણે ઘણા, જુગતે જપેછે જાપ. ૧૮
માહાંનત બેઠા મોજમાં, ઇશ્વિર આપો આપ;
હવે વખાણુ તપશી તણાં, જુગમાં બંધાણી માપ. ૧૯
મુની જાણે મનોરગર, જપે અજંપા જાપ;
મત મોટી માધા તણી, કુળ કરમી છે આપ. ૨૦
સાવણ આવે સોભતો, કરો બળેવનાં કામ;
સીધાં જોખાય ચોપે કરી, શી ઘોણીએ ધાર. ૨૧

બ્રાહ્મણ જમે ભાવસુ, જુગતે જગન થાય;
જમે રમે જુગતે કરી, ઉપર દક્ષણા સાર. ૨૨

કીપા થઈ સંભુતણી, નહી કંઇ મારો ભાર:
આ ગરબો જે સાંભળે, તરશે નરને નાર. ૨૩

બુડતાં બાંહી ઝાલજો, કીપા કરો કૈલાસ,
કર જોડી ગરબો કરયો, નંદરામ તમારો દાસ. ૨૪

નજર રાખો ભોળાનાથજી, છે કંથારીએ વાસ;
દીન જાણી દયા કરો, રાખો ચરણની પાસ. ૨૫
સંવત ૧૯ સે નવનો સાવણ સુભ છે માસ;
ભાવે ભજે ભીમનાથને, તેની પુરશે આસ. ૨૬

૩ મહાકાળીનો છંદ.

માજી તું પાવાની પટરાણી, ભવાની મા કાળકા રે લોલ;
માજી તારે ડુંગરડે ચડવું કે, અતિ ઘણું દોહલું રે લોલ. ૧

માજી તારા મંડપનાં દરશન કે, કરવાં સોહલાં રે લોલ;
માજી તારે દામોદરજી કુંડ કે, પરજે પેદા થયો રે લોલ. ૨
માજી કાંઇ ગળે મનુષનાં હાડ, માને સહુ માનવી રે લોલ;
માજી તારા કુકડીઆં દશ વીશ, જૈ વનમાં ચરેરે લોલ. ૩

તેને મુગલે મારી ખાધા, બોલાવ્યા પેટમાં રે લોલ;
માજી તારા સેવકીઆ દશવીશ કે, બે ભાગી ગયારે લોલ. ૪

માજી તારા બાળપણાનો બેલી બુઢીઓ બેશી રહોરે લોલ;
માજી તારે કાંબી કડલાં જોડ કે, ઝાંઝરી ઝમ ઝમેરે લોલ. ૫

માજી તારે અણવટ વીછીઆં પાય કે, ઘુઘરી ઘમેઘમેરે લોલ;
માજી તારે દશે આંગળીએ વેઢ, પોંચા પરવરીરે લોલ. ૬

માજી તારે સરવણ જબુકે ઝાલ, કંઠે હાર સોભતારે લોલ;
માજી તારે ટીલડી તપે લલાટ સેંથો પુરયો સોભીતોરે લોલ. ૭

માજી તારે નાકે નકવેસર મોર, સોભા બહુ બનીરે લોલ;
માજી તમે સોળ સજા સણગાર, રમવા નીસરાંરે લોલ. ૮

પીતાજીને ઘેર ચતુરા નાર કે, કાળકાશું બેનપણાં રે લોલ.

એની માર ગરબે રમવા આવો, ભવાની મા કાળકારે લોલ. ૯

પીતાજીને રાણીયુ રમે સાક કે, આઠમુ એ કોણ રમેરે લોલ;
પીતાજીએ રાણીને પુછી જોયુ કે, એ નાર કોણ રમેરે લોલ. ૧૦

પીતાજીએ દલ વીચારી વાત કે, કાસ ઓડા બાંધશુરે લોલ;
અંબાજી છળીવાં એકા એક, ઝાલ્યો માનો છેડલોરે લોલ. ૧૧
માગ માગ પાવાના રાજન, તરૂશમાન હું થઈરે લોલ;
માગુ માગુ એટલું વરદાન કે, મોલે પધારજોરે લોલ. ૧૨

ફટ ફટ પાવાના રાજન કે, એહું બોલીઆરે લોલ;
માગ માગ ઘોડા ને ઘોડાર કે, હસ્તી ઝુલતારે લોલ. ૧૩

માગ માગ અશ્વ ને ભંડાર કે, ખજાના અતી ઘણારે લોલ;
માગમાગ પુત્ર ને પરીવાર કે, બંધાવું ઘેર પારણાંરે લોલ. ૧૪

માગમાગ ઘેલુડી ગુજરાત કે, બાણુલાખ માળવોરે લોલ;
માગુ માગુ એટલું વરદાન, મોલે પધારજોરે લોલ. ૧૫

ફટફટ પાવાના રાજન કે, પાવો તારો પાપે ગયોરે લોલ;
મુઢ મતી તું થયો રાજન કે, હું દેવી કાળકારે લોલ. ૧૬

અંબાજી થયાં છે અલોપ કે, પતેજીએ હાથ ઘસારે લોલ;
માજીએ લીધો ચારણનો વેશ કે, નાયબપણું પોતે થયાંરે. ૧૭
માજીએ લશ્કર હાકાં લાખ કે, મુગલા દૈતનાંરે લોલ;
પોઠમાં ભરીઆ મુગલા દૈત કે, પાવેગડ પરવરાંરે લોલ. ૧૮

પોળે આંધળીઓ દરવાન કે, પુછવા લાગીઓરે લોલ;
કોને ભાઇ કયાંથી આવી પોઠ કે, પોઠમાં શું ભરયુંરે લોલ. ૧૯

પોઠમાં ભરાયા આંબા સાખ કે, પતાઇજીને ભેટ જશેરે લોલ;
બુઢીએ ત્યાંથી વરતી વાત કે, ભાલા નાખીઆરે લોલ. ૨૦

ભાલા નાંખ્યા પોઠ માંઇ કે, મુગલા નીશરારે લોલ;
નીશરા હઠીઆ હેબતખાન કે, ખપર હાથમાંરે લોલ. ૨૧

કાળકાજી લેજો પેલો ભોગ કે, દરવાણી તમને ચડોરે લોલ;
ઘઢમાં ઘાલા મુગલા દૈત કે, પાવેગઢ પરવરાંરે લોલ. ૨૨

પતેજીએ પાવે ચડીને જોયું કે, દળ દીઠું બહુરે લોલ;

માથે દુધીયુ તળાવ કે, તે સુકાઇ ગયુરે લોલ. ૨૩

પતેજીએ ખોદાવ્યા બે કુંડ કે, જળમાંહી નવ રહ્યુંરે લોલ;
પતેજીએ દલ વિચારી વાત કે, કોપ કાળકાનો થયોરે લોલ. ૨૪
પતેજી જઇને લાગ્યા પાય કે, સ્થીર થાપીઆરે લોલ;
અબુદ્ધીથી અજ્ઞાની હું અંધ કે, માને નવ ઓળખાંરે લોલ. ૨૫

રોપું ચવટુ ચાંપાનેર કે, કાળકાને પાય પડુરે લોલ.
તારા ગુણ ગાય મંગળજી ભટ કે, ચરણે રાખજોરે લોલ. ૨૬

૪ અંબાજીના શણગારનો.

સંભુ સરસત સામીને ચરણે નમુંરે લોલ;
મારી અલપ બુધીને ગુણ શા કહુંરે લોલ. ૧

અંબા ચાચર રમવાને માત નીસરાંરે લે.લ;
તેના જનમોજનમ દુખ વીસરાંરે લોલ. ૨
દેશ દેશથી આવ્યા છે ઠામો ઠામથીરે લોલ;
અંબા અલબેલી દીશે છે વરસ સોળનારે લોલ. ૩

બાળા સુંદર બીરાજે બાળા વેશમાંરે લોલ;
તેલ ફુલેલ ઘાલ્યુંછે કાળા કેશમાંરે લોલ. ૪

લટક લાડવો પાડયોછે, ગોરા ગાલણાંરે લોલ;
ત્રંબક ત્રાજવું ત્રોફાવ્યું, હોઠ હેઠમાંને લોલ. ૫

સારૂ સીંગોગુ શોભાગ, આંજી આંખડીરે લોલ;
નાક વેશણી બીરાજે, સોભે મોરલોરે લોલ. ૬

ચોડયા ચોખલા ને, ટીલડી કરી કપાળમાંરે લોલ;
ગુંથે ભીડલો વીશેશ અંબા વાંકડીરે લોલ. ૭

સેંથો સીદુરે ભરોછે અતી ઓપતોરે લોલ;
જાણે મેઘમાં ઉગમતો રવી સોભતોરે લોલ. ૮

ગાંઠે ગોફણાની ઘમકે ઘુઘરી ઘણીરે લોલ;
માના કાનમાં લેકેછે કનક ફાંદડુરે લોલ. ૯

વેણુ વાસુકી ચલાવે ભદમાં ઘણીરે લોલ;
માના કાનમાં છે કનક કેરી ટોટીયુરે લોલ. ૧૦

સારા ઘાટમાં નહીં ફારફેર મોટીયુરે લોલ,
સોભીતી કટેસરીને એક દાણીયુરે લોલ. ૩
પ.રૈ સુધ પીત હેમનો પડ્યો ગળેરે લોલ.
ઉંચીમાળા વસેકે હાર હેમનારે લોલ. ૧૨
હીરા સાંકળીને લાલ મોતી એ જડીરે લોલ,
ઉર ઉપરેતે હાર પુષ્પ કેતકીરે લોલ. ૧૩
બાંએ બાજુબંધ લેકે ચુડી કાંકણીરે લોલ.
વેઢ વાંકડાંને વીંટીને છલ્લા આરસારે લોલ. ૧૪
પોંચે પોંચી ચુડામણી રતનશું જડીરે લોલ,
હાથ પીઆલા ભર્યાછે મધુ પાનનારે લોલ. ૧૫
કમરપાટશુ કટાર બાંધો ભેટમાંરે લોલ,
કટી મેખલા જડઉ ઘણી ઓપતીરે લોલ. ૧૬
કાંબી કડલા પેરાં છે ગોળ ઘાટનારે લોલ,
ઝાંઝર અંગરને તોડા દીસે ફેરમાંરે લોલ. ૧૭
અણુવટ વીછીઆ ચમકતાં શોભતારે લોલ,
માના ઘાઘરીએ ઘુઘરી છે શોભતિરે લોલ. ૧૮
માંહી બુટી ભરીછે જરી જાતનારે લોલ,
નવ રંગની ઓઢી છે માયે ચુંદડીરે લોલ. ૧૯
તેનો જાણે ઇસાન કેરી વિજળીરે લોલ,
કીધી એદાણી વશંગી શેશ નાગનીરે ૨૦
હેઠે ગાદલી ગોળ ઘાટનીરે લોલ.
શુ૧ ગરબો લીધોરે માએ ટેકમાંરે લોલ. ૨૧
ઠીક ઠરાવી લીધો છે વીવેકમાંરે લોલ
પૃથ્વી પચાસ કરોડનું કીધું કોડીયુંરે લોલ. ૨૨
સાત સાગરનું નીર ઘરત પુરીયુરે લોલ,
મધે મેલ્યો કાકડોરે જલહરે મેરૂ હેમનોરે લોલ. ૨૩
દેવી ચોસઠ મલી છે ત્યાં સામટીરે લોલ;
નીચી કેડથકી નમેને ગાયે ધ્યાનમાંરે લોલ. ૨૪

ફરે ફુદડીને હાથ લીએવારણારે લોલ;
ચુડા ખલકને રાસ લીએ ડાંડીએર લોલ. ૨૫

હાથ ફુલના દડાને માંહો માહે રમેરે લોલ
કેડ પાતળીને પેરી દીસે વાળીયુરે લોલ. ૨૬

ગંગા કાશીથકી તે જોવાને આવીયારે લોલ,
તેને અંબીકાજીએ મોતીડે વધાવીયારે લોલ. ૨૭

વીષ્ણુ વૈકુંઠ થકીતો જોવા આવીઆરે લોલ,
શીવજી કઇલાશ થકીતો જોવા આવીયારે લોલ. ૨૮

આવ્ય તુળજાને બહુચરા તોતળારે લોલ,
આવ્યાં ભવાનીને માતાજી ભુવનેશ્વરીરે લોલ, ૨૯

બાર મેઘ તે અરવ્યા છે અતિ વરસતારે લોલ,
જોવ આવી પાતાળકેરી નાગણીરે લોલ. ૩૦

અતી ફુટડીને તેતો વરણા ગણીરે લોલ,
દઇત મૈખાસુર જોવાને આવીયારે લોલ. ૩૧

તેતો અંબા તણી નજરે ચડયોરે લોલ,
ધુમ્ર ગાત્ર ચડાવ્યું ઘણી રીસમાંરે લોલ ૩૨
ચકર ફેરવીને મેલ્યું દૈત શીશમાં રે લોલ,
દૈત માર્યોને મૈખાસુર મહા પાપીઓરે લોલ. ૩૩
ત્યાં દેવતાયે પુષ્પની વૃસ્ટિ કરીરે લોલ,
જે કોઇ ગાય શીખેને સાંભળેરે લોલ. ૩૪

તેની માતાજી અંબા આશા પુરશેરે લોલ,
ભટ વલભ મેવાડો માને બામણુરે લોલ. ૩૫

તેનાં જનમો જનમ દુ:ખ વીશરાંરે લોલ.

૫ અથ શ્રી સીતા હરણનો.

વાણી આપો ને તમે સારદારે, (બહુચરી) ગુણ તમારા ગવાય.
લાંબી વેણુ ને શ્રી રાનીરે (બહુચરી) સતી તણા ભરથાર. ૧

સીતાયે મરવો રોપીઓ, (બહુચરી) મ્રગો ચરીને જાય;
કાલ મરાવું સુવા અગબારે, (બહુચરી) વાડી તજીને જાય. ૨

સીતાએ રદ્ધુ બાંધીયું (બ.) કાંચળડી શીવડાવ;
સાવ સોનાનો તારો કચવો, (બ.)ચાંખડાની શી હામ. ૩

નહી સગો નહિ સાગવો, (બહુચરી) નહી મામો મોશાલ;
કુળમાં તે નહીં કોઇ બાંધવો; (બહુચરી) નહી ખાંતીલો ભરથાર. ૪

શીવડ લીધી સોયામણીરે (બહુચરી) વન ચાલ્યા બાવનવીર;
વનમાં જઇ બાણુ વધેરીઆંરે, (બહુચરી) મૃઘો માર્યો પહેલે તીર. ૫

પડતાં તે મૃઘલો આચરોરે, (બહુચરી) ધાએ લક્ષમણ વીર
કાવડ કરીને મૃઘો લાવીઓરે, (બહુચરી) નાંખ્યોં મઢીની બ્હાર. ૬
સુની મઢી મારા નાથનીરે (બહુચરી) કાગ કવેળા જાય;
રામ રૂવેને લક્ષમણ રીઝવે, (બહુચરી) માં રૂવો ઘેલા રામ. ૭

સીતાથી ભલેરી પરણાવશું, (બહુચરી) ઠરાવશું સીતા નામ;
જળ જળ કમળન નીપજે, (બહુચરી) ઘેર ઘેર સીત નાય. ૮

ગઇ સીતાને આપણુ વારશુ, (બહુચરી) લઇ લોટો મુખ ધોય;
રાંમ સભામાં બીડું ફેરવ્યું રે, (બહુચરી) કોઇનર સુરો થાય. ૯

મોટો રામનો વાંદરોરે, (બહુચરી) ઝાલ્યું તે જમણે હાથ;
ઠેડ ઠેડ ઉડયો તે વાંદર ઠેકડે, (બહુચરી) ગયો લંકામો ઝાર. ૧૦

જોયાં ચોર્યાશી ચૌટારે, (બહુચરી) જોઇ બવરી બજાર;
જોયાં મેડી મંદીર માળીયાંરે, (બહુચરી) જોયો રાવણનો બાગ. ૧૧

આસોપાલવને ઝાડવેરે, (બહુચરી) એહાં સીતાજી માય;
આરે મુદ્રીકા મારા નાથની, (બહુચરી) પેરતાં જમણે હાથ. ૧૨

રામે માતાજી મને મોકલ્યો, (બહુચરી) લક્ષમણે દીધાં એંધાણ;
વાંદર તું છે ભુખાળવોરે, (બહુચરી) પડયાં વનફળ વેણીખાય. ૧૩

એક ખાઇને બીજું આંબળેરે, (બહુચરી) ખંખેરીને ખાય,
માળી જાયછે માથુ કુટતોરે (બહુચરી) રાવણ પાસે રાવ. ૧૪

રાવણે સાથીઆ સંગારીઆરે, (બહુચરી) દેજો ફરશીના ઘાવ;
એક ઝીલેને બીજું જાળવેરે (બહુચરી) અંગે ન અડે એક. ૧૫

સાચું બોલેરે અલા સાવજારે, (બહુચરી) સેણે છે તારૂં મોત;
સારી લંકા કેરાં ગોદડાંરે (બહુચરી) તાજાં કેવડીઆં તેલ. ૧૬

પુંછડે મેરયાં પ્રગટોરે, (બહુચરી) ઝટપટ કરો ફિકેલ;
ઠેડ ઠેડ ઉડયો તે વાંદરો ઠેકડેરે, (બહુચરી) ગયો લંકા મોઝાર. ૧૭
બાળાં ચોરાશી ચૌટાંરે, (બહુચરી) બળીને બવરી બજાર;
બાળાં મેડી મંદીર માળીયાંરે, (બહુચરી) રાખી રાવણનો બાગ. ૧૮
આશોપાલવને ઝાડવેરે, (બહુચરી) બેઠાં સીતાજી માય;
રજાલઇને વાંદર ચાલીઓ, (બહુચરી) આવ્યો તે રામની પાસ. ૧૯
રાંમે તે શેન હંકારીઆંરે (બહુચરી) આવ્યા સમુદ્રને તીર;
પાગ બાંધીને સાગર ઉતર્યારે (બહુચરી) આવ્યા સુવેલી રઘુવીર. ૨૦
લંકા સાગા મોરચા માંડીઆરે, (બહુચરી) મારયા રાવણ રાય;
રાવણ મારીને સીતા લાવીઆરે, (બહુચરી) પુષ્પની વૃસ્ટિ થાય. ૨૧

બોલો શ્રી જાનકી નાથકી જે.

અથ દશ અવતારનો છંદ.

કાળી તારુ કારણ છે મોટુંરે, તુજવીણ તે સર્વ ખોટુંરે. ૧
આદ અંતે મધ્યે મોરી માતા, બ્રમા વીષ્ણું મહેશ ગુણ ગાતા, ૨
સર્વ દેવતાનું તારૂ છે ઇષ્ટ, માજી તું થકી નથી શ્રેષ્ટ. ૩
મછ કછને વરાહ રૂપરે, માજી તે પણ તારા સ્વરૂપરે. ૪
વામન રૂપ ધર્યું મહારજે, ઈંદ્રાસન રાખવાને કાજે. ૫
નરશીંહ રૂપ ધર્યું વિશાળ, ભગત પહેલાદની કીધી પ્રતીપાળ ૬
ફરસુ રામે તે ફરશી લીધી, માત પૃથ્વી નક્ષત્રી કીધીરે.
રામરૂપ ધરી રાવણ માર્યો, ભગત વિભિષણ ઉગાર્યો.
કૃશ્ન અવતારે લીલા કીધી, તેની વાત જેવરલે લીધીરે.
બુધા અવતાર લઇને તમે બાળા. ધ્યાનધરી લઇ બેઠાં માળા. ૧૦
નકલંકી નીરમલ થશે, ત્યારે તુંહી તુંહી કહેવાશેરે. ૧૧
દશ અવતાર અંબાના ગાશે તેને સુખને સંપત થાશેરે. ૧૨
તારા હોય તે તુજને જાણે, દાશ જીવણ મહા રશ માણે. ૧૩

(બોલો અંબેમાતકી જે.

૭ રાધાકૃષ્ણુનો ગરબો.

સ્વસ્થાન નવાનગર મહાલ સાપુરના વાસી ગાંધી કાળીદાસ દેવકરણ પાસેથી.

વાલો નીત નીત નવલી લીલા કરેરે લોલ,
વાલો જુવંતીના જુથની સાથે ફરેરે લોલ. ૧

વાલો રમે જમેને કરે વાતડીરે લોલ,
નવ જાણે દિવસ કે રાતડીરે લોલ. ૧

સુંદર વનરાતે વન રળીયામણીરે લોલ.
સુંદર જમનાનાં નીર સોહામણારે લોલ. ૩

આછી છાયા કદમ કેરા પાનનીરે લોલ
મલી બેઠાં મહારાજ માનનીરે લોલ. ૪

તેવ તેવડીરે સરવ સરીખડીરે લોલ;
તેમાં વહાલી તે કુંવરી ભખુભાણુનીરે લોલ. ૫

તેને જોવા મળી જુવતી સહુરે લોલ,
કાન કાળાને રાધાજી ગોરાંરે લોલ. ૬

સામ સામા બેસીને રમે સોગટાંરે લોલ,
જે કોઈ હારેતે પાય લાગી રહેરે લોલ. ૭

લીલી પીળી સોગઠી રાધા તણીરે લોલ,
કાળી રાતી સોગઠી તે પ્રભુતણીરે લોલ. ૮

જેમ બંધ બાંધીને પાસા નાખીઆરે લોલ,
પ્રથમ પાસા હારા છે સામા સુંદરીરે લોલ. ૯

પડયા પનર સતર પોબારનારે લોલ,
પછી સાત પાંચને કચ્યા બારનારે લોલ. ૧૦

પછે પાસાતે પ્રભુજીએ ચલાવીઆરે લોલ,
નાંખા નાથેને દાવલા ન આવીઆરે લોલ. ૧૧

પડયો પંઝો છકો દાણા ચારનોરે લોલ,
પછી સાત પાંચને કચ્યા બારનારે લો. ૧૨

રંગે રમતાં તે રાધકાજી જીતીઆંરે લોલ;

ચાર સોગઠાં પ્રભુના કાચા રહયાંરે લોલ. ૧૩

પ્રભુ પાય લાગો અમારી આરણીરે લોલ;
જા જાને ધુતારી તુંતો ચોળતીરે લોલ. ૧૪

મન હરીએ મને હરાવીઓરે લોલ;
પ્રભુ રીસ આવડી નવ કીજીએરે લોલ. ૧૫

પ્રભુ પાસા નથી મારા હાથમાંરે લોલ;
હરી હાર સહીયર કેરાં સાથમારે લોલ. ૧૬
ચતુર હોયતો ચિતમા વિચારવુંરે લોલ;
બેઠાં જોઇતો નવ પડે હારવુંરે લોલ. ૧૭
પ્રભુ હારાથકી તો જોવું ભલુંરે લોલ;
નીકર સદાય રેવું તમારે એકલુંરે લોલ. ૧૮

એટલું કહીને રાધાજી ઉઠીયારે લોલ;
દાશ કલ્યાણના પ્રભુને મનાવીઆરે લોલ. ૧૯

(બોલો શ્રી કૃષ્ણ દેવની જે.)

૮ રોઝી માતાનો છંદ.

રોઝીમાં ચરણે નમુ આનંદમારે લોલ;
દીન જાણી દીઓ આશીશ થાજો સાહીરે. ૧
માજી શોભા તે અનંત અપાર દીસે તમારીરે;
તેનો ન લહે બ્રહમા પાર શી બુધ મારીરે. ૨

સંક્ષેપે લીલા ગાઉકે કાને ધરજો રે;
માજી નીત દર્શનની આશ તમે સાય કરજોરે. ૩

રૂડાં દીસે છે મંદર સાર બેઠાં બીરાજોરે;
તેની શોભા તણો નહિપાર પાસે સીંધુ ગાજેરે. ૪

બેઠા ગણુપત ગવરીનંદ દક્ષીણ દીસેરે;
શેવકને છે આનંદ જોતાં મન હીશેરે;
માજી ભેરવને હનુમત બેઠા દુવારે;
વાગે દુંદુભી ઘોર નીશાન લાગે માડીરે. ૬
માજી વિપ્ર કરે છે હોમ ઝાલર ઝણુકારે;

તેના ધુમ્ર ગયા સવરગ ભોમ વાજણુ કરેરે. ૭
માજી નીત નીત ઓછવ થાય આચરેરે;
સહુ સેવક મળી ગુણુ ગાય માતાજીને ગમેરે. ૮
રૂડા દિસે પતાકા સાર કાંકણી વાજેરે;
માજી નેપુરના ઝણુકાર, ગગનમાં ગાજેરે. ૯
માજી બેઠાં બીરાજે માય શણુગાર સોહીરે;
માજી અણુવટ વીંછુઆ પાય જોતાં મન હશેરે. ૧૦
કડકડતાં કડલાં વાજે ઝાંઝર ઝમકેરે.
કરકંકણુ રણુઝણુ થાય ઘુઘરા ઝમકેરે; ૧૧
માજી ચરણાં ચોળીને ચીર ચુંદડીરે.
કાંચલડી આછી નીર જાઉં મહા હારીરે; ૧૨
માની બાંયે બંધ કચન ચુડીરે.
અંગે લેપન કીધાં અષ્ટગંધ સોભા સારીરે ૧૩
કંઠ પાટી સોહીએ સાર સોના કેરીરે;
કાને કુંડળનો ઝણુકાર પાંદડી પેરીરે. ૧૪
મુખ ચંદન જોત અપાર નાકે મોતીરે;
પેરી મોતી કુસુમના હાર, સોભા રૂડીરે. ૧૫
માજી કંઠે રાખલડી સાર, ગોફણો સોહિએરે;
માજી દીસોછો ઝાકઝમાળ, જોતાં મનમોહિએરે. ૧૬
માજી થાળ ભરી ખીરખાંડ, ભોજન કીજેરે;
સહુ સેવકના પુરે લાડ, દરશન દીજેરે. ૧૭
સેવક જનની વાણી, માની લેજોરે;
માજી કૃપા કરો દીન જાણી, ચિતમાં રેજોરે. ૧૮
સેવકને રેજો સાથ, દાસ તમારોરે;
માજી નીત નીત નવા ગુણુગાઉં, મુજને ઉગારોરે. ૧૯
કરજોડી કહે કાશીરામ, અશરણુ શરણેરે;
વાલું રેજો તમારૂં નામ, રાખો ચરણેરે. ૨૦
ગાયો સંવત ૧૯૧૧ સાવણુ માસેરે;

માજી એકાદશી બુધવાર પુરો, કીધોરે. ૨૧
જે કોઇ ભાવીક તે ગુણ ગાય, તે સુખ પામેરે;
તેને રીઝે રોઝીમાત, દુક્રીત કાપેરે. ૨૨
રોઝી મા નામુ શીશ, આનંદ મારેરે;
દીન જાણી દીઓ આશીશ થાજો સાહેરે. ૨૩

બોલો રોઝી માતકી જે.

૯ નવદુરગાનો ગરબો.

રંગે રમે આનંદે રમેરે, આજ નવદુરગા રંગે રમેરે. ટેક.
આદીતે આવ્યાં અલબેલી, મંડપમાં મતવાલી ભજેરે; આજ. ૧
સોળે શણુગાર માને અંગે સુહાવે, હીરલા રતન માને અરૂણા સમેરે.
મંગળવારે માજી છે ઉમંગમાં, ચાચર આવીને ગરબે રમેરે. આ. ૩
બુધવારે માજી બેઠાં બીરાજે, રાશ વીલાસ માનો ગાયો રમેરે આ. ૪
ગુરૂવારે આઇ ગરબે રમેછે, ચંદન પુશપ તે માને ગમેરે આ. ૫
ભ્રગુવારે માજી ભાવ ધરીને, બ્રાહ્મણ રમે તે માને ગમેરે. આ. ૬
શનીવારે માહાકાળી થયાંછે ભીક્ષા ભોજનમન ગમતાં જમેરે. આ. ૭
વલ્લભ કહે માને ભાવે ભજોને, રાસ વીલાસ માનો ગાયો સમેરે. ૮

૧૦ ચાચર ખેલ્યાનો ગરબો.

રંગમાં રંગમાં રંગમાંરે, બાળી બૈચરા ખેલે મા રંગમાં,
અંબે બાળીને લીએ રંગ તાળી, થૈકાર થૈકાર થંભમાંરે. ૧
અનેક અસુરને માયે સંહાર્યા, શોભા બની માના સંગમાં. બા. ૨
શોળ શણુગાર માના અંગે સોહાવે, નકી ચુની જડી છે નંગમાંરે ૩
ચાચર આગળ છંદજ બોલે, ગરબે રમેછે આનંદમાંરે. બાળી૦ ૪
ચુવાતી ચંદન કેસર કસ્તુરી, અબીલ ઉડે આનંદમાંરે. બાળી૦ ૫
ચોસઠ જોગણી મા ચાચર ખેલે, ગરબો ગાયો આનંદમાંરે બાળી૦ ૬
વલ્લભ કહે માને ભાવે ભજોને, જઇ નાયા તે ગંગામાંરે બાળી૦ ૭

૧૧ દૈતુને રણમાં રોળ્યાનો ગરબો.

દૈતુને રણમાં રોળ્યારે આજ દૈતુને રણમાં રોળ્યા.

માર્યો તે ભૈસાસુર મતવાલો, ચંડ મુંડ ચપટીમાં ચોળ્યારે; આજ૦ ૧
શુંભ નીશુંભ તણાં સીશજ છેદ્યાં, ધુમ લોચન ધંધેરયોરે; આજ૦ ૨
ભોંય પડ્યા પડ્યા કરે હોકારા, ત્રીશુળ ઉપર તોળ્યારે; આજ૦ ૩
નવ ખંડમાં માએ નજરેજ કીધી, ખપર લઈને ખોળ્યારે; આજ૦ ૪
બ્રહ્માણી ઇંદ્રાણી માહેશ્વરી મળીને; મદ્યના પીયાલા ઘોળ્યારે; આજ૦ ૫
આઠમે દીવસ માયે જગનજ કીધો; હવનમાં લઈને હોમ્યારે. આજ૦ ૬
કહે વલ્લભ તારો પાર ન જાણું; બોતેર કોટી દૈત્ય બોળ્યારે. આજ૦ ૭

૧૨ જગત જોગ માયાનો ગરબો.

દેવી દરશન દયોને દયાળી જગત જોગ માયારે;
નવ નોરતાંની રાત હવે આવી.

શકતી ગરબે રમવાને આવો, નીત્ય નવા નવા રંગ લાવો. જગત. ૨
આવો આસોસુદ બીજ અજવાળી, ક્રશ્ન રૂપે થયાં માહાકાળી; ૩
દેવી ગરબે રમે છે વાળી વાળી, દેવી દીસોછો જુગમાં દીવાળી. ૪
પગ પ્રહારે પૃથ્વી ધરણે, સપ્ત પાતાળે શેશ ગડગડે. જગત૦ ૫
ઇંદ્રાણી ઇંદ્રાણી છંદજ ગાય, નારદજી નટવર થાય. જગત૦ ૬
બ્રહ્મ ઘોર નો ગરબો કીધો, રમવાને શીરપર લીધો; જગત૦ ૭
બ્રહ્મા વેદ ભણે ને નાચે, વાજે વાજાંને કાનવર નાચે, જગત૦ ૮
વાજે નોબત નગારાં મૃદંગ, દેવી નાદ નગારાંને છંદ, જગત૦ ૯
તેની ધ્રુન્ય ગગનમાં ગાજે, વાજાં અનેક પ્રકારે વાજે જગત૦ ૧૦
ઘોર ઘુઘરીનો ઘમકાર, પાયે ઝાંઝરીનો ઝમકાર, જગત૦ ૧૧
હીંચ લેતાં હુલરીઉં ખળકે, દેવી શોભા તણી જોત ઝળકે. જ૦ ૧૨
દેવી નાકે રતી નીરમળ મોતી, દેવી ચંચળ નયણે જોતી. જ૦ ૧૩
દેવી તાંત તરશંતીને ઝાલ, દેવી ચાલોછો જક્ષત્રતી ચલ, જ૦ ૧૪
દેવી માયા રૂપે છો માયા, દેવી ચઉદ બ્રહ્માંડ નીપાયા, જ૦ ૧૫
દેવી બાળા રૂપે છો બાળા, દેવી કાપોછો મોહની જવાળા. જ૦ ૧૬
દેવી ઘણાં ઘણાં કામજ કીધાં, દેવી ભગતુનાં કારજ સીધાં. જ૦ ૧૭
દેવી બહુ રૂપે બીરાજો, તેવ તેવડી શંઘાતે છાજો. જગત૦ ૧૮
દેવી સંવત અઢાર ઓગણ્યાંસો, છંદ ગાયોછે રશાક રૂપાળોજ. ૧૯

કહે શીવરામ દાસ તમારો મુને ચરણે રાખીને ભવ હારો. જ૦ ૨૦
આસો સુદ બીજ અજવાળી, ગુરૂવારે થયાં મહાકાળીરે, જ૦ ૨૧

૧૩. માહાકાળીના સાત વારનો ગરબો.

મહાકાળીરે છે મંગળ રૂપેરે અંબા અલબેલી,
માને જાણો તે બ્રહ્મ સ્વરૂપેરે. અંબા અ૦ ૧
બુધવારે બધે ઘરવારીઆંરે અંબા દીક્ષત ઘેર અવતરીયાંરે અં૦ ૨
ગુરૂવારે તમો છો ગરવાંરે, ગુણ સરવે થકી છો નરવાંરે. અંબા૦ ૩
સુક્રવારે કીધાં સુક્રીતરે, માને વેદ વખાણે એવી રીતરે; અંબા૦ ૪
શનીવારે સહુને માત સરખીરે, માનો મહિમા ગાઉછું નીરખીરે. ૫
રવી તેજ તણું શું કહીએરે, માને અનેક પ્રકારે ગાઇએરે. અં૦ ૬
સોમવારે જુઓ સાંભળીરે, શીવ શક્તિરુપે મહાકાળીરે. અં૦ ૭
સાતવાર ગાયા છે હવે સારારે ગુણ ગાય લક્ષ્મીરામ તારારે. અં૦ ૮

શારદાના સણગારનો ગરબો. ૧૪.

સારદા માતારે મા વિનવું, લાખોવાર લાગુ પાય;
વાણી આપોરે મા દયા કરી, તેમ અવસર આપો માય.
સરસ્વતિ ગણપતીરે મા સ્તવન કરૂ જેના ગુણ ગાયા નવિજાય.
નયણે નિરખુરે મા માતને, ધન્ય ધન્ય આરાસુરી માય. ૨
શીશે શોવેરે મા રાખ્યડીને, ને શ્રવણ ઝબુકે ઝાલ્ય;
ઓપે ઓપેરે મારી અંબામાં, જેની જોત પડે બહુ ગાલ્ય. ૩
શામ ત્રવેણીરે મા ચોટલો, માંહી જડીત્ર ગોફણો સાર;
ગોફણે ફરતીરે મા ઘુઘરી, જેના સુંદર ઘાટ અપાર. ૪
તિલવટ સોએરે મા ચાંદલો, ને કુમકુમ કેશર આડ;
આડ અનોપમ કરે મા શોભતી, ને ચોખા ચોડયા લેલાટ. ૫
વેણ સમારેરે મા આપશુ ને સેંથો ભર્યો સીંદોર;
નયણે કાજળરે મા સારીયાં, આણીઆળે આકે મોર. ૬
ચોકે બાંધીરે મા ચુંદડી, માંહી તાંત બંદલી સાર;
કુમકુમ કેસરરે મા કસ્તુરી, માંહી સુવાસંદન અપાર. ૭

દાડમ કળીયુંરે મા દંત છે, મુખ ચાવ્યા તંબોળ;
મુખથી બોલેરે મા મરકલડે, ને નૈતમ કરે કલાલ. ૮
કોટે સોએરે મા કંટેસરી, માહી મોતી ચોડીયાં જેહ;
ચાંદલો સોએરે મા સોનાનો તનમનીકા ધરીયાં તેહ. ૯
હારલો લેહેકેરે મા હેમનો, માંહી કરે તે ઝુમણુ જોત;
માળા લેહેકેરે મા મુકતાફળની, માદળીએ ઉદયોત. ૧૦
ઉપર સોએરે મા ઉતરી, માંઈ દુગદુગી બાલ અપાર;
નૈતમ નામેરે મા કાંઠલો, માંહી બહુ પુષ્પના હાર. ૧૧
લેડી રૂડીરે મા સોનાની, માંઈ કાંકણી તેને સંગ;
બાંયે જુબધ મ બેરખા, અભુક્ષણ ધરીયા અંગ. ૧૨
ખટપટ ખળકેરે મા મેખલા, માંઈ ઘુઘરીનો ધમકાર;
વાજાં વાગેરે મા રણઝણે, માંઈ જત્ર તણા ઝણકાર; ૧૩
ચરણા ચોળીરે મા ચુંદડી, માંઈ કમખો લીલી ભાત;
વસ્ત્ર અનોપમરે મા પેહેરીયાં તે સરવે જુદી જાત. ૧૪
વેઢ વેંટીઓરે માઆંગળીએ, ને નૈતમ દીસે અંગ;
અંગની આંગળીયોરે મા આપશું, ને દર્પણ દીસે સંગ. ૧૫
કાંબી કડલાંરે માશોભતાં, ને ઝાંઝર નેપુર વાર;
અણુવટ ઠમકેરે મા અંગુડે, ને વીછીયારો ઝણકાર. ૧૬
સણુગાર પેહેરયારે મા શોભતાં, તેના કરૂ વખાણ;
તળીયાં રાતાંરે મા પગ તણાં, જાણે ઉગ્યો ભમર ભાણ. ૧૭
સુરીનર મુનીવર મા સાહી રહ્યા, ને મેલ્યા મોટા ભુપ;
મેહા મોયારે મા દેવતા, મા જોતાં તારૂ રૂપ. ૧૮
ચોસઠ બનીરે માવીયાં, ને માંડયો નઉતમ રાસ;
હરખ ધરીનેરે મા હમચી, ખુંદે તાળ્યું માએ ત્રાંસ. ૧૯
ફરતાં ફરતાંરે મા ફુદડી, ને છંદે ગરબો ગાય;
શોભા શી કહુરે મા તમતણી, કળી કોઈએ નવ જાય. ૨૦
ગરબે ફરતારે મા જાણીયાં, તેના દીપક જોત અપાર;
કમળ દીપકરે મા કાઢીયાં તેની શોભાનો નહી પાર. ૨૧

પાર ન આવેરે તમ તણો, તેના ગુણ ગ.યા છે ઇશ;
આવ્યા આવ્યારે મા કાશી થકી, ઇંદ્રાદીકસુર તેત્રશ. ૨૨
બ્રહ્મા આવ્યારે મા હંશ ચડી, ને વ્રશભ ચડી માહાદેવ;
વીષ્ણુ આવ્યારે મા ગરૂડે ચડી, જેની દેવ કરેછે શેવ. ૨૩
નીચે નાચેરે મા ઉર્વસી, ને કરે અપ્છરા ગાંન;
ગાંન ગાવેરે મા નૃત કરે ત્યાં નાટક થેઇ થેઇ તાંન. ૨૪
જય ય વાણીરે મા સઉ વદે, ત્યાં પુષ્પની વૃષ્ટી થાય;
હશી રમીનેરે; મા રાસમાં; તે સ્થાનક બેઠા માંય. ૨૫
ભોજન કીધાંરે મન ભાવતાં, પયવાન દુધ છે પાસ;
ઝારી ભરીછેરે મા ગંગાજળની, મન માન્યા મુખવાસ. ૨૬
કરજોડીનેરે મા વીનવે માધવજી તારોદાસ:
સંકટ ટાળોરે મા સામના, તમે પુરો મનની આશ. ૨૭
જે દીન આવેરે મા ચરણે, તમારો તે દીન પામે પાર;
બરદ તમારૂંરે મા ઇશ્વરી, તમે મોટા છો આધાર. ૨૮
સંવત સતરરે મા છોતરો ને રૂડો ચૈતર માસ;
બીજ્જ કૈયેરે મા અજવાળી, ને ભોમે થયો છે રાસ. ૨૯

આદ્યશક્તિનો ગરબો.

આદ્યશકિત તુજને નમુરે, બૈચરી ગણપત લાગુ પાય;
દીનજાણી દયા કરોરે; બૈચરી મુખે માગુ તે થાયે ૧
વાણી આપોને પરમેશ્વરીરે, બૈચરી ગુણ તમારા ગવાય;
ચોસટ બેની મળી સામટીરે, બૈચરી માનસરોવર જાય. ૨
માનસરોવર ખીલતાંરે બહુચરી કરતાંતે નીલ વિલાસં;
સંખલપુર ગામ સોહામણુંરે, બહુચરી ત્યાં તમારો વાંસ. ૩
સર્વે મળીરે કીધી સ્થાપનારે, બહુચરી ઠેરવ્યું બહુચર નામ;.
સામસામા બે ઓરડારે, બહુચરી સોનું ઘડે સોનાર. ૪
ઘડીયા બાજુબંધ બેરખારે, બહુચરી ઘડીયા એકાવળ હાર;
પ્રથમ ચરિત્ર તમે કર્યાંરે, બહુચરી માર્યો તે મૈખાસુર. ૫
રકત નેણે કરી મારીયારે બહુચરી રકત ચલાવ્યાં પુર;
માર્યાતે મૃગ બોલાવીયોરે બહુચરી આસસુર તણા ગઢમાંય. ૬
સુંભ નીસુંભ હાથે હણ્યારે બહુચરી માર્યા તેને પળ માંય;

ઘોડીમાંથી ઘોડો કર્યોરે બહુચરી અસ્ત્રીમાંથી પુરૂષ. ૭
હવે હૈયું નથી હાલતું, બહુચરી કઠણ આવ્યો કાળ;
ધર્મ ગયુ ધણીં ઘશીરે, બહુચરી પુન્ય ગયુ પાતાળ. ૮
હોમ હવન ત્યા થાયછેરે, બહુચરી શ્રીફળ ઘણેરાં હોમાય;
બ્રહ્મ વેદ ભણાયછેરે; બહુચરી આનંદ ઉચ્છવ થાય. ૯
કર જોડીને વીનવેરે, બહુચરી વલ્લભ તારો દાસ:
સદા સેવય છે તાહરોરે, બહુચરી રાખો ચરણની પાસ. ૧૦
ચરણ પખાળી તુજને નમેરે, બહુચરી વઇકુંઠ હોશે વાસ;
ગાય શીખેને સાંભળેરે, બહુચરી બહુચર પુરે આસ. ૧૧

નાશીની અન્નપુરણાનો ગરબો.

આઇ અન્ન આપો અન્નપુરણારે;

કરજો સેવક ઉપર કરૂણા અન્નપુરણા કાશીપુરીમાં બીરાજોરે;
તમારી ચરણ કમળ શીશ નામુરે; માત મેહેર કરી જોજોસામુ, અ. ૧
તમારો જાચક કયાં જઇ જાચુરે; માતા માની લેજો તમે સાચુઅ. ૨
માગુ મોજ તમારી ભક્તિરે, મુને સહાય આપો આદ્યશક્તિ. અ. ૩
બીજુ અવર કાંઇ નવ માગુ રે, કરજોડીને પાયે લાગુ. અન, ૪
ડુંદાળો તે ગુણપતી દેવારે, જેને જોઇએ મોદકના મેવારે, અ. ૫
ફરતી અષ્ટભૈરવ ચોકીરે, સોભા શીવજીની અલોકી. અ. ૬
મધ્યે બીરાજોછો જોગમાયારે, જોડે બેઠા વીરેશ્વર રાયા. અ. ૭
જેની જટામાં જાનવી ગાજેરે, પાસે પાર્વતી માતા બીરાજે. અ. ૮
ઉભા હાક મારે હનુમાનરે; જેનુ રામ સીતા પર ધ્યાન. અ. ૯
સુધા ગંગા માતા ગંભીરરે, જેનાં અમ્રત સરખાં નીર. અ. ૧૦
પાપ કોટી જનમનાં જાયરે, જે કોઇ વસેછે કાશીની માંય. અ. ૧૧
એવી જોવાની બનીછે જાુંકીરે, સહુ જન પામેછે મુકતી. અ. ૧૨
લીલા ગાઉ તમારા નામનીરે; મુજ સામુ જુવો તમે સ્વામનીઅ. ૧૩
કાલો ઘેલો હું કાંઇએ નવ જાણુંરે, દાસ કલ્યાણ શું વખાણું.અ. ૧૪

સણગારનો ગરબો.

પ્રથમ પારવતીના પુત્રને પાયે નમુરે લોલ;
દીન જાણી વાણી દીજીએ કહું સમુરે લોલ. ૧
સરસ્વતી તણા ચરણ પ્રતાપથીરે લોલ.

નવે નીધ રીધ શીધ આપો આપથીરે લોલ. ૨
કરૂ ગાન ધરૂ ધ્યાન બહુચરા તણુંરે લોલ;
કરો સાર વાર વાર શું કહું ઘણુંરે લોલ. ૩
આજ બહુચરાજી માત ગરબે રમેરે લોલ.
શુરનર મુનીવર સહુને ગમેરે લોલ. ૪

માજી રૂપ રાધકા થકી ઘણું બણીરે લોલ;
કોટી કામ શશી સુર્યની છબી હણીરે લોલ ૫
રતી રોહીણી રંનાદે આદી સુંદરીરે લોલ;

પલક પલવટે ઉભા રમા પુરંદરીરે લોલ. ૬
વેણુ વાસુકી સરીખી સીશ રાજતીરે લોલ;
ક્ષુદ્ર ઘંટ ગોફણાને મધ્ય ગાજતીરે લોલ. ૭

ભરી માથે મુગતા તે મહા મુલ્યનીરે; લોલ;
રાજે રાખડી રૂડી તે રત્ન તુલ્યનીરે લોલ. ૮

ફુલી ખેટલી સેંથો ભરયો સમો પડયોરે લોલ;
ચાક ચમરી શું ચોટલ કટી અડયોરે લોલ. ૯
સ્વરણ શીંદુર આકાર સર્વ સીપનારે લોલ;
શોળ સોભીતા સણગાર સરવ નીપન્યાને લોલ. ૧૦

કાને વાળીઓ જડાવ ઝાલ ઝુમખાંરે લોલ;
જોતી મોતીએ પરોવ્યાં લુબ લુમખાંરે લોલ. ૧૧
શોના સાંકળી શરી શીક્ષા જડામણીરે લોલ;
કાર તોરણુ મોતીની દીસે દામણીરે લોલ. ૧૨
તેજ શું કહું દીસે તેને લોલકેરે લોલ;

ફુલાફુલ જડયાં નંગ તે અમુલકરે લોલ. ૧૩
અરધ ચંદ્રમા કપોળ શું કહુ નથીરે લોલ;
ચૌદ ભુવન માંહી બહુચરા શમુ નથીરે લોલ. ૧૪

બાલ લાલ આડ કુમકુમની રાતડીરે લોલ;
તપે ટીલડી કહી ન જાયે વાતડીરે લોલ. ૧૫

ત્રીકુટી મધ્યે સીંદુરની બીંદી કરીરે લોલ;
ચોઢયા ચોખલા કપોળ લાલ શું ભરીરે લોલ. ૧૬

ભ્રકુટી કમાન કાન કોરશું અડીરે લોલ;
ચીરની લીલા વિદેહી કરે તે ઘડીરે લોલ. ૧૭
આંખ ઉપમાને નાવે કોઇ પલવટેરે લોલ;
વરણુ વરણુવું જે અન્ય ઉપમા ઘટેરે લોલ. ૧૮
પદ્મ દીપક તારાના તેજ ત્યાં ગળ્યાંરે લોલ;
મીન ખંજન, મ્રગ માન મુકીને પળ્યાંરે લોલ. ૧૯
લક્ષ વઉ કાંતી તીલકની લીલા જુએરે લોલ;
ગોરા ગાલમાં ત્રીલોક મોહ્યાં તાજુવેરે લોલ. ૨૦
મોહ રૂપ ધરયું બહુચરાજી બાળીયેરે લોલ;
મહચાર રચ્યા વેસરની વાળીએરે લોલ. ૨૧
શુક્ર હેમ લાલ ભોમ ભ્રગુ મુકતમાંરે લોલ;
શની કીકીએ જોતાં જણાય જુકતમાંરે લોલ. ૨૨
અધર બીંબ કે પ્રવાસ લાલમાં મળીરે લોલ;
દંત પંક્તિ જુક્તિ દાડમ કેરી કળીરે લોલ. ૨૩
ચળકે ચુનાઓ જડાવ ભાવ રેખમાંરે લોલ;
વદન નીરખતાં ન આવે મીન મેખમાંરે લોલ. ૨૪
હાવ ભાવ શું કટાક્ષ નેન શેનનુને લોલ;
ચિબુક ચારૂ વીચ ઇંદુ બીંદુ મેનનુરે લોલ. ૨૫
કંઠ કોકીલા કપોત જોત પોતનારે લોલ;
ભાનુ જુક્તિને પ્રમાણુ તે ઉદયોતણીરે લોલ. ૨૬
કોટે ફુલમાળા ચંપાકળી ચમકતીરે લોલ;
ઘણી ઘુઘરી અતીસે દીસે ધમકતીરે લોલ. ૨૭
મળે ઘરેણાં થયાં ઘણાં ધચુબલેરે લોલ;
કનક સાંકળી તુશી દોરાને ઝુમણેરે લોલ. ૨૮
હીરા સાંકળાં પોસાની સેર ચારનીરે લોલ;
મુક્તા માળા તે એકાવળ હારનીરે લોલ. ૨૯
બે હમેલમાં હીરાના ઝમકારડારે લોલ;
પ્યારી જાતક કેરી મંદારના હારડારે લોલ. ૩૦
બાહુ દંડ જુગમ સુંઢ સરખા સહીરે લોલ;

હાથ હાથની હાથળીએ મચ્યાં મહીરે લોલ. ૩૧
અણી અદભુત અંગુઠા સંગે આંગળીરે લોલ;
અનુમાનમાં આવે ત મગની ફળીરે લોલ. ૩૨
નખ વીશ રાત દીવસે તારા તપેરે લોલ,
અન્ય ઉપમાનો અર્થ વ્યર્થમાં ખપેરે લોલ. ૩૩
બાંહે બાજુબંધ બેરખાને ઝુમતાંરે લોલ,
બાંધ્યા વાદલાં બન્યાં રહ્યાં ઝઝુમતાંરે લોલ. ૩૪
પ્રાણ ચુડલા પ્રમાણ ચતુર રંગનોરે લોલ,
અતી અરૂણ તરૂણ દંત તે માતંગનોરે લોલ. ૩૫
બહુ કોરમાં જડાવ લાલ લાંકણીરે લોલ,
મધ્ય માણેક હીરાની હાથ કાંકણીરે લોલ. ૩૬
હાથે પાંચીઓ જવાળી બાળી કગણીરે લોલ,
છલ છાપ આરશી અતી ઉમંગથીરે લોલ. ૩૭
ઉર ઓપતું રસાળ તે વીશાળશુંરે લોલ.
કમળ કોસ કુચ અગ્રમાં મરાળશુરે લોલ. ૩૮
કંચુકી કનક તાર હારશુ બનીરે લોલ;
ચુવા ચંદન ચરચીત શોભે શોભતીરે લોલ. ૩૯
લેંઘો બાંહયનો પેર્યો તે રંગ જુજવેરે લોલ;
કસબ કોર જેર શાલુ કસુંબે ચુવેરે લોલ. ૪૦
પેટ ચોયણી પ્રમાણ ક્ષીણ લંકણીરે લોલ.
સજી મેખલા રશાળ કશી કંકણીરે લોલ. ૪૧
ઉંદર ઉપર તે ત્રીવળી વળી રહીરે લોલ;
ગિરી સ્વેત દેહ મધે ત્રીવેણી વહીરે લોલ. ૪૨
નાભી કોમળ કુવો કર્યો સુમારનોરે લોલ;
ભર્યો વારી તે અખુટ ઇંદુ સારનોરે લોલ. ૪૩
કંઠ હેઠ ઠેઠ વાસો તે એકત્ર છેરે લોલ.
આધોમુખતું અંડ કેળ પત્ર છેરે લોલ. ૪૪
કેશકીટીર હરી નીતંબ સદળીરે લોલ;
જંધા જુગમ તે અધોમુખેછે કદળીરે લોલ. ૪૫

ચારૂ ચરણુમા ચીત્ર લખ્યાં છે ચોદિશરે લોલ;
પંચ આંગળી વળ્યાં પંપા કળીજ થારે લોલ. ૪૬
ભરી જાવક કટોરી હેમ નાનીયોરે લોલ.
ઇંદુ બીંબને આકારે એડી પાનીયેરે લોલ. ૪૭
જેહર લંઘર તોડાને ઘુઘરી તળેરે લોલ;
પાગે નેપુરને વીંછવે મુની ચળેરે લોલ. ૪૮
નયણે કાજળ તે સાર્યાં કુમકુમ રોળશુરે લોલ;
મંદ હાસ્ય કરે મુખ ભરયાં તંબોળશુંરે લોલ. ૪૯
હંઠી હાઠ આઠ સખી શંગમાંરે લોલ;
બાળી બહુચરા કલોલ કરે રંગમાંરે લોલ. ૫૦
કરે ગાંન તાન પાત્ર હાથમાંને લોલ.
રમે રમક ઝમક સખી સામમાંરે લોલ. ૫૧
હંતે ઘુંઘટ ચહી રહી રશાળીઓરે લોલ;
એક અકથી લે હાથોહાથ તાળીઓરે લોલ. ૫૨
કેશ પાસ કશી વાળીયા અંબોડલારે લોલ;
ફરે ફુદડી ફરેને લે હંબોડલારે લોલ. ૫૩
એ અખંડ ખેલ ખેલબાળી બહુચરારે લોલ;
ત્રણે દેવ લેછે વારણું ફરી ફરીરે. લોલ. ૫૪
વીણુ વાંસળી વગાડે શબ્દ નાદશુરે લોલ;
ડાક વાએ મહાદેવ મરજાદશુરે લોલ. ૫૫
ધરી પાનાં પોથીઓ તે મહા મુનમાંરે લોલ;
બ્રહ્મા વેદ ભણે સુખ ચારે ધુનમાંરે લોલ. ૫૬
પુષ્પ ચંદન વરસાવે વળી દેવતારે લોલ;
અઠયાસી સહસ્ત્ર રૂષી સદા સેવતારે લોલ. ૫૭
ગીરી સ્વેત તજી સેવક કાજે ધસીરે લોલ.
કળી કાળમાં ચુવાળમાં આવી વસીરે લોલ. ૫૮
સુર શુ લહે ભવાની કેરા ભેદનેરે લોલ.
આધ મધ્ય અંત એ અગમ્ય વાદ વેદનેરે લોલ. ૫૯
આ અખંડ ગરબો ગાય જે કોઇ માનવીરે લોલ;

ચરણ ચરણને ઉચ્ચારે, સ્નાન જાન્હવીરે. લોલ. ૬૦
નવે નીદ્ર રીદ્ર લીજીએ ઓવારણારે, લોલ;
દેવી વાંઝીયાં બંધાવે દ્વાર પારણાંરે. લોલ. ૬૧
મન મોહ્યાં ગોખ ચાચર સોહામણાંરે, લોલ;
ભટ વલ્લભ મેવાડો માનેને ભામણેરે. લોલ. ૬૨

કાકરેજી માતાનો ગરબો. ૧૯

પ્રથમ ગણપતી લાગું પાય કે ગરબો આદરયોરે લોલ;
કાકરેશ્વરી તણો મહિમાય કે સહુ ચીતે ધરોરે લોલ. ૧

વાણી આપો સારદા માય કે મુખથી ઓચરૂરે લોલ,
સૈકો ભાવ ધરીને ગાય તેવો ગરબો કરૂંરે લોલ. ૨

કાકરીયા સરવ શોભાય કે, શ્રવણ સાંભળોરે લોલ;
મેલાં હોય તે ઉજવળ થાય કે, જાએ આંબળોરે લોલ. ૩

ચારો પાસે સંધ્યા સંઘ કે, સુંદર ઘાટ છેરે લોલ;
બંગલા બેઠક પથ્થર બંધ કે વચમાં વાટછેરે લોલ. ૪

વેહેળો ખારીનો જે માંય કે આવે છે સહીરે લોલ;
નાહ્યે કાયા નીર્મળ થાય કે તે નિરખો તઇરે લોલ. ૫

કાકરેજી મા વસીયા વાસ કે ગરનાળા વિષેરે લોલ;
પ્રતક્ષ પુરણ જોત પ્રકાશ કે પુસ્તકમાં દીશેરે લોલ. ૬

સરોવર સમુદ્ર સરખુ દીસે કે ચરણોદક ભરયુરે લોલ;
કવિતો કહે મન મારૂં હીસે કે જઇ તેમાં તરૂંરે લોલ. ૭
તેમાં નૌતમ નગીના બાગ કે શોભા તે તણીરે લોલ;
ગુણીજન ગાએ ત્યાં બહુ રાગ કે, રૂડી રચના ઘણીરે લોલ. ૮

દક્ષિણ દીશથી બાંધી પુલ કે તેનાં થઇને ગયાંરે લોલ;
તેમાં ઝાડ ઘણાં ફળ ફુલ કે નવ પલ્લવ થયાંરે લોલ. ૯

માત ઝરૂખે બેસી જુવે કે દ્રષ્ટી અમી ભરીરે લોલ;
સંકટ સહુ સેવકનાં ખુએ કે બહુ પ્રેમે કરીરે લોલ. ૧૦
ચારે સ્થંભ તોરણ ઝળકે કે નાળીએર ચડેરે લોલ;

દીપક જોતાં જળહળ ઝળકે, મુજ મન અડેરે લોલ. ૧૧

કુમ કુમ ચરચિત ચંદન સ્થંભો આઇના અવાસમાંરે લોલ
ચોસઠ બેનો આવી રંભા, હાસ વિલાસમાંરે. લોલ, ૧૨

દેવી સોળ ધરી શણગાર કે, ગરબો ગાય છેરે લોલ.
ઝુમઝુમ ઝાંજરનો ઝમકાર કે, થેઇ થેઇ થાયછેરે લોલ. ૧૩

ઓપે આભુષણ નવરંગ સાર કે, કસબી કોરનારે લોલ,
ચરણા ચોળી ચળકે અપાર કે, રેશમ દોરનારે લોલ. ૧૪

વાજાં વાગે શોડસ નિશ કે, ધુન ગગન ગઇછેરે લોલ,
મોહ્યા હરી બ્રહ્માને ઇશ કે, તે આવ્યા હરીરે લોલ. ૧૫

દેવનો અધી પતી જે છે ઇંદ્ર કે, આવ્યો તે ઘડીરે લોલ,
ઐરાવત જે હસ્તી ગજેંદ્ર કે, તે ઉપર ચઢીરે લોલ. ૧૬

મુનીવર જપ તપ મુકી તેહ કે, આવ્યાં પાંસરારે લોલ,
દેશપતિ પણ ધારી સ્નેહ કે, ત્યાંથી પરવર્યારે લોલ. ૧૭

કાકરેજી દે આદરમાન કે, ભલે સહુ આવીયાંરે લોલ,
આપ્યાં લવીંગ સોપારી પાન કે, પુષ્પે વધાવીયાંરે લોલ. ૧૮

એવા સ્થાનકની રચનાય કે, મનમાં પેખીએરે લોલ
ચક્ષુ દેવ તણા જો થાય કે, પ્રતક્ષ દેખીએરે લોલ ૧૯

કહીએ દેવ તેત્રીકોડ કે, ત્યાં આવી વળીરે લોલ.
કાકરેજી મસ્તક મોડ કે, મેલો સહુ મળીરે લો.પ. ૨૦

શીવજી વહેચે છે પ્રસાદ કે, જે કૈલાસ પતિરે લોલ,
બ્રહ્મા દેછે આશીરવાદ કે, મુનીવર મહામતીરે લોલ. ૨૧

શ્રીફળ આપ્યાં વૈકુંઠનાથ કે, મહિમાં વધારીયોરે લોલ,
હરખ્યો સુરનર મુનીવર સાથ કે, સ્થાન સધારીયારે લોલ. ૨૨

રંગ ભેર રાસ રમ્યા નવરાતર કે, ગરબા ગાઇ ઘણુંરે લોલ,
કીધા ભોગ નાના વિધભાત કે, તેમાં નહિમણારે લોલ. ૨૩
અરસ પરસ થયા વિદાય કે આનંદ ઘણો કરીરે લોલ,
શ્રીફળ વસ્ત્ર સૌને અપાય કે, કહો કાંકરેશ્વરીરે લોલ. ૨૪

અમે આજ થયા પ્રસન કે, એવું ઓચર્યાંરે લોલ,
ચૈતર ચતુર દર્શાને દન કે, દેઉફ્લુ નોતરારે લોલા. ૨૫

આરે દેવી ચડકા સાથ કે રણીયાત થયાંરે લોલ
વચન દેઇને જમણે હાથ કે, સતિ ત્યાં થઇ ગયાંરે લોલ; ૨૬
ભાદરવાસુદીનો વિજયાય કે, ચૈતર ચતુરદશીરે લોલ;
તે ત્રણ તીથી સ્થીકા વતાય કે, જે મનમાં વસેરે લોલ. ૨૭
તે ત્રણ દિવસે બહુ અભિમાય, કે દર્શન કરે સહુરે;
મનના મનોરથ પૂરણ થાય કે, પામે સુખ બહુરે લોલ. ૨૮
આઠમ ચઉદશને રવીવાર કે, પૂજા કીજીએરે;
દોલત ખરચો દેવી દરબાર કે, રીદ્ધિ સિદ્ધિ લીજીએરે લોલ. ૨૯
એવું જાણી વરણુ અઢાર કે, સહુ સેવા કરેરે લોલ.
કવીજન કહે છે વારંવાર કે, ભવસાગર તરેરે લોલ. ૩૦
નાગર દલપતની જીભ્યા કે, આઇ વાસો વસ્યાંરે લોલ.
તેથી ગુણી એના ગુણ ગાય કે, દુખડાં દુર ખસ્યાંરે લોલ. ૩૧
સંવત સતસે સત્યાસી કે, ચૈત્રી પુનેમેરે લોલ;
કવિજન અમદાવાદનો વાસી કે, નમ્ર થઇને નમેરે લોલ ૩૨
જે કોઇ શીખે સુણેને ગાય કે, દુઃખ તેના ટળેરે લોલ,
સઘળા પાતક પરાજય થાય કે, કાકરેજી મેળવેરે. લોલ. ૩૦

મહાકાળીનો ગરબો ૨૧.

પાવા તે ગઢથી ઉતર્યાં મહાકાળીરે,
મા પરવરીયાં ગુજરાત પાવાવાળીરે. ૧
માં સોળ કરો શણગાર મહાકાળીરે
માની ઓઢણી ઝાકઝમાળ પાવાવાળીરે, ૨
માને કાંબીને કડલાં સોભતાં મહાકાળીરે,
માને ઝાંઝરનો ઝમકાર પાવાવાળીરે. ૩
માને બાંહે બાજુબંધ બેરખાં મહાકાળીરે,
માને દસે આંગળીએ વેઢ પાવાવાળીરે. ૪
માને ઝાલને ઝુમણું શોભતું મહાકાળીરે,

માને કંઠે એકાવળ હાર પાવાવાળીરે. ૫

માને નાકે નકવેસર શોભતું મહાકાળીરે,
માને ટીલડી તપે લેલાટ પાવાવાળીરે. ૬

માને સેથો ભર્યો સીંદુરનો મહાકાળીરે,
માનો ચોટલો વશીયલ નાગ પાવાવાળીરે. ૭

મા ચોસઠ બેની તેડાવશું મહાકાળીરે,
મા સાથે કેયલ વીર પાવાવાળીરે ૮

મા ફુલના દડા હાથમાં મહાકાળીરે.
મા પરવરીયાં ગુજરાત પાવાવાળીરે. ૯
મા પાંડુ પરગણું તાહરૂં મહાકાળીરે,
મા ગુજર ખંડમા ગામ પાવાવાળીરે. ૧૦

મા શાનખલપુર સોહામણું મહાકાળીરે,
માનો તેને ટોડે પૂર વાસ પાવાવાળીરે. ૧૧

મા સરવે મળીને કરી સ્થાપના મહાકાળીરે,
માજી માનસરોવર માંય પાવાવાળીરે. ૧૨

મા કુકડીયાતે સજ કર્યાં મહાકાળીરે,
મા થયાં તે ઘડી અસ્વાર પાવાવાળીરે. ૧૩

મા કેસરી વાઘા પેહેરીયા મહાકાળીરે,
મા લીધું ભમર ભાલું હાથ પાવાવાળીરે. ૧૪

મા રમતાં રમતાં નીસર્યાં મહાકાળીરે,
આવ્યાં માન સરોવર પાસ પાવાવાળીરે. ૧૫

મા સાથે લશકર ચાર કુતરી મહાકાળીરે,
આવ્યા માનસરોવર માંય પાવાવાળીરે. ૧૬

મામ સરોવર તલાવડી મહાકાળીરે,
તેમાં ભરીયાં નીરમળ નીર પાવાવાળીરે ૧૭

માએ ઉતરીને કીધાં વેતીયા મહાકાળીરે,
માએ નાહિને પીધું નીર પાવાવાળીરે. ૧૮

મા ઘોડીનો ઘોડો થયો મહાકાળીરે,

મા અસ્ત્રીમાંથી પૂરૂપ પાવાવાળીરે ૧૯
માનો પટંતરો ત્યાંથી થયો મહાકાળીરે,
માનો પૃથ્વીમાં મહીમાય પાવાવાળીરે. ૨૦
મા હિંદુ કેરા દેવતા મહાકાળીરે,
બળધારી બહુચર માય પાવાવાળીરે. ૨૧
મા લીલા તે નેજા ફરરરે મહાકાળીરે,
આવી મુગલા કેરી ફોજ પાવાવાળીરે. ૨૨
માં બહુચરમાં એમ બોલીયાં મહાકાળીરે.
અલ્યા માં લઇશ મારૂ નામ પાવાવાળીરે. ૨૩
મા મુગલેવાત મનમાં ધરી મહાકાળીરે,
ચડો ચગલા કેરી ફોજ પાવાવાળીરે. ૨૪
મા બહુચર માના મ્રગલા મહાકાળીરે,
તે તળીયા તાવા માંય પાવાવાળીરે. ૨૫
કુકડીના ભોજન કીધા મહાકાળીરે,
પછી ચહડી તે માને રીસ પાવાવાળીરે. ૨૬
મા મુઆતે મ્રગલા બોલીયા મહાકાળીરે,
મા અસુર તણું ઘટ માંય પ.વાવાળીરે.
મા બહુચરમાં તમે કોપીયા મહાકાળીરે,
પછે આઇ થયાં અસ્વાર પાવાવાળીરે. ૨૮
મા ત્રીશુળ લીધું હાથમાં મહાકાળીરે,
મા કીધો અસુર તણો નાશ પાવાવાળીરે. ૨૯
મા કુદી ઘોડો મારીઓ મહાકાળીરે,
મા હાથી પાડયો એક પાવાવાળીરે. ૩૦
મા મોટો મુગલ એક મારીઓ મહાકાળીરે,
બીજા મુગલોનો નહિ પાર પાવાવાળીરે. ૩૧
મા બળ કરી મુગલ મારીયા મહાકાળીરે,
માર્યો પાચ્છાનો ભાણેજ પાવાવાળીરે. ૩૨
મા સામે થયું સઉ એકઠું મહાકાળીરે,

મા આવ્યાં તે મુગલ પાસ પાવાવાળીરે. ૩૩
તેં મારૂં તે વાર્યું નવ કર્યું મહાકાળીરે,
તેં હાથે વસાવ્યું વેર પાવાવાળીરે. ૩૪

ત્યાં હાથ જોડીને આવીઆ મહાકાળીરે,
માને લળી લળી લાગે પાય પાવાવાળીરે. ૩૫

મા સોનાના ઘડવું કુકડા મહાકાળીરે,
મા લાવું મંડપ માંય પાવાવાળીરે,
મા તારૂં દેવળ ફરી ચણાવશું મહાકાળીરે. ૩૬

મા ઉપર ધોળી ધજાય પાવાવાળીરે. ૩૭

મા તારો ચાચર શોધશું મહાકળીરે,
કહે વલ્લભ કોડે બાંધશું પાવાવાળીરે. ૩૮

બહુચરાજીના શણગારનો ગરબો. ૨૨

પ્રથમ ધ્યાન માત બહુચરાનું ધરૂંરે લોલ,
જેથી અમ્રત વાણીની રચના કરૂરે લોલ, ૧
માના શણગારની શું કહુંરે વાતડીરે લોલ,
બાળી રમક ઝમક ચાલે આઢે વાટડીરે લોલ ૨

પગે પેટલી બિરાજે માને ઝાંજરીરે લોલ,
અણવટ વીછીયા, ઝબુકે મા શોભા ઘણીરે લોલ. ૩

માની ઘાઘરીયે ઘુઘરી શોભતીરે લોલ
કટી મેખલા જડાવ ઘણું ઓપતીરે લોલ. ૪
ગળે હાર હઇઆમા જડાવ છે ઘણોરે લોલ,

કોટે કંટેસરી દુગદુગીને ઝુમણારે લોલ. ૫
પારો શુધ વિધ હેમનો પડયોરે લોલ,

ચઉદ લોકમાં સરૂપ બહુચરા મળેરે લોલ. ૬
એકદાણીયું અમુલ્ય રત્ન શું જડયુંરે લોલ,
બહુ ચાતુરી કરીને સોનીએ ઘડયુંરે લોલ ૭

પોંચે પોંચીયું મણી જડાવ રત્ન શુંરે લોલ,
તેની ઝબાં તો ગવરી નખમાં પડીરે લોલ. ૮

બેહુ બાજુ બંધ લટકે ફુમતાંરે લોલ.
શોભે મણી જડાવ તણાં ઝુમખાંરે લોલ, ૯
હીરા રતનની કાંચળી બુટે જડીરે લોલ,
માના કાનમાં કનક તણી પાંદડીરે લોલ. ૧૦
માની ઝાલમાં મણી જડાવ ડામણીરે લોલ,
નકવેસરરે બીરાજે આંજી આંખડીરે લોલ. ૧૧
માને લીલાવટ ટીલડી શોભતીરે લોલ,
માથે વેણુ બીરાજે નાગની ફણીરે લોલ. ૧૨
માએ સેંથામાં કીધી સીંદુરની છબીરે લોલ લોલ,
જેમ ખગમાં ઉગતો દીસે રવીરે લોલ. ૧૩
માને ચોટલે બીરાજે ઘણાં બોરડાંરે લોલ,
વાંસે હેમનો મણી જડાવ ગોફણોરે. લોલ. ૧૪
કસુંબે ચુવે છે માત કેરી ચુંદડીરે. લોલ.
હીરા સાંકળી તે લાલ મોતીએ જડીરે લોલ. ૧૫
માથે ગરબો લઇને બહુચરા રમેરે લોલ
તેવ તેવડી સાહેલીના સાથમાંરે લોલ. ૧૬
બ્રહ્મા ગાન ગાય વેદ મુખે શું રે લોલ,
શીવે ડાક ડાંડી હેમની કરે ગ્રહીરે લોલ. ૧૭
કૃષ્ણ વાંસળી વગાડી બહુ હેતશુરે લોલ;
નારદે ચંપકે કળા તે ઠરે ગ્રહીરે લોલ. ૧૮
ગાય ગાંન કરે તાંન એમાં વનમાંરે લોલ;
એક એકને જુવેને હસે મનમાંરે લોલ. ૧૯
માતા બહુચરાનું નામ છે જાગતુરે લોલ;
તેથી દુઃખેલે દાળીદ્ર કરે ભાગતુરે લોલ. ૨૦
જે કોઇ ભાંતથકી બહુચરાજીને ભજેરે લોલ;
તેના વાત દેવ લોકમાં જઈ વસેરે લોલ. ૨૧
આ ઇ કૃપાએ કરીને ગરીબ કહેરે; લોલ.
જે કોઇ ગાય તેના ચીતમાં આળી રહેરે લોલ. ૨૨

ગરબો ગાઇ શીખે જે કોઇ સાંભળેરે લોલ;
તેનાં સંસારનાં દુઃખ સઘળાં ટળેરે લોલ. ૨૩
ભટ વલ્લભ મેવાડો માનો દાસ છેરે લોલ;
ગરબી ગાય તેનો વૈકુંઠ વાસછેરે લોલ. ૨૪

આનંદનો ગરબો. ૨૫

ગરબા. છંદ

આજ મને આનંદ વાધ્યો એતિ ઘણો મા,
ગાવા ગરબા છંદ, બહુચર માત તણો મા. ૧
સર્વો આળ પંપાળ, અપેક્ષા આણી મા,
હો ઇચ્છા પ્રતિપાળ, દ્યો અમૃત વાણી મા. ૨
સ્વર્ગ મૃત્યુ પાતાળ, વાસ સકલ તારો મા;
બાળ કરી સંભાળ, કર ઝાલો મારો મા. ૩
તોતળા મુખ તન, તોતોતો કહે મા.
અર્ભક માગે અન્ન, નીજ માતા મન લે મા. ૪
નહી સવ્ય અપસવ્ય કહી કાંઇ જાણું માં;
કળી કહાવ્યા કાવ્ય મે મિથ્યાં આણું મા. ૫
કુગજ કુપાત્ર કુશિલ, કર્મ અકર્મ ભરયો મા;
મુરખમાં અણમીલ, રસ રચવા વિચરયો મા. ૬
મુઢ પ્રમાણે મત્ય, મન મિથ્યા વાપી મા;
કોણ લહે ઉતપત્ય, વિશ્વ રહ્યાં વ્યાપી મા. ૭
પ્રાક્રમ પરમ પ્રચંડ, પ્રબળ નીપળ પીછુ મા;
પુરણ પ્રગટ અખંડ, અગ્ન થકી ઇચ્છુ મા. ૮
અર્ણુવ ઓછે પાત્ર, અક્ષરે કરી આણું મા;
પામું નહી પલ માત્ર, મન જાણું નાણું મા. ૯
રસના જુગ્મ હજાર, તે રટતે હારયા માં;
ઇશે અંશ લગાર, લઇ મન મથ, મારયો મા. ૧૦
મારકંડ મુનીરાય, મુખ માહાતમ ભાખ્યું મા;
જૈમુની રૂષી જેવાય, ઉર અંતર રાખ્યું મા. ૧૧

અણુગણુ ગુણુ ગતી ગોક, મેલ ખરો ન્યારો મા;
માત જાગતી જોક, જળહળતો પાળો મા. ૧૨

જશ તૂણવત ગુણુ ગાય, કહુ ઉંડત ગુંડળ મા;
બરવા બુદ્ધી બે હાથ, ઓધામાં ઉંડળ મા. ૧૩
પગ નમાવી શીશ, કહુ ઘેલુ ગાંડુ મા;
માત ન ધરશો રીસ, છે ખોલુ ખાંડુ મા. ૧૪

આદી નીરંજન એક, અલખ અકલ રાણી મા;
તુજથી અવર અનેક, વિસ્તારતાં જાણી મા. ૧૫
શક્તિ સરજી સૃષ્ટ, સેજ સ્વભાવ અલપ મા;
કવચિત કરુણા દ્રષ્ટ, કૃત કૃત કોટી કલ્પ મા. ૧૬

માતંગી મન મુક્ત રમવા કીધું મન મા;
જોવા જુક્તિ અજુક્ત, રચિયા ચઉદ ભુવન મા. ૧૭
નીર ગગન ભુતેજ, સેહેજ કરી નિરમ્યા મા;
મારૂત વસ જે જન, ભાંડ કરી ભરમ્યો મા. ૧૮

તતક્ષણુ તનથી દેહ, ત્રણ કરી પેદા મા;
ભાવ કૃત કરતા જેહ, સરજે પાળે સદા મા. ૧૯

પ્રથમ કર્યો ઉચ્ચાર, વેદ ચાર વાચક મા;
ધર્મ સમરા પ્રકાર, ભુભણુવા લાયક મા. ૨૦
પ્રગટી પાંચ મહા ભુત, અવર સર્વ જેમ મા;
શક્તિ સર્વ સંજુક્ત, શક્તિ વિના નહી કો મા. ૨૧
મુળ મહી મંડાણુ. મહા માહેશ્વરી મા;
જગત ચરાચર જાણ, જય વિશ્વેશ્વરી મા. ૨૨
જળ મધ્યે જળાશાયિ, પોઢયા જગજીવન મા;
બેઠાં અંતરીક્ષ આધ, ખોળે રાખી તન મા. ૨૩
વ્યોમ વિમાનની વાટ, ઠાઠ ઠઠયો આછો મા;
ઘટ ઘટ સરખે ગાટ, કામ બન્યો કાચો મા. ૨૪

અજરજ ગુણુ અવતાર, આકારે જાણી મા;
નિર્મિત્ર હિત નરનાર, નખ શીખ નારાયણી મા. ૨૫
પન્નગને પશુ પંખી, પૃથક પૃથક પ્રાણી મા;

જુગ જુગ માંહે ઝંખી, રૂપે રૂદ્રાણી મા. ૨૬
ચખ ચંચળ ચેતન, વચ ચાદની ટીકા મા;
જણાવવા જન મન, મધ્ય માતા કીકી મા, ૨૭
અન્નજળ તણચર વાયુ ચરવારી ચરતા મા;
ઉદર ઉદર ભરી આય, તું ભવની ભરતા મા. ૨૮
રજો તમોને સત્વ, ત્રિગુણાત્મક ત્રાતા મા;
ત્રીભુવન તારણ તત્વ, જગત તણી જનતા મા. ૨૯
જ્યાં જેમ ત્યાં ત્યમ રૂપ, તેજ ધર્યાં સઘળે મા;
કોટી કરિંધ્યા ધુપ. કોઇ તુજને ન કળે મા. ૩૦
મેરૂ શિખર મહિમાય, ધોળાગઢ પસે મા;
બાળી બહુચર આઇ, આદ્ય વસે વાસો મા. ૩૧
ન લહે બ્રહ્મા ભેદ, ગુણ ગતિ તાહેરી મા;
વાણી વખાણે વેદ, શી મતી માહેરી મા. ૩૨
વિષ્ણુ વિમાશી મન, ધન્ય એમ ઉચરીયાં મા;
અવર નહી તુંથી અન્ય, બાળી બહુચરીયાં મા. ૩૩
માને મન માહેશ, માત મયા કિધે મા;
જાણે સુરપતી શેષ, સહુ તારે લીધે મા. ૩૪
સહસ્ત્ર ફણાધર શેષ, શક્તિ સબળ સાધી મા;
નામ ધરયું નાગેશ, કીર્ત્તી તો વાધી મા. ૩૫
મછ કચ્છ વારાહ, નૃસીંહ વામન થઇ મા;
અવતારો તારાહ તે તુજ મહાત્મ લઇ મા, ૩૬
પરશુરામ શ્રી રામ, રામ બાળી બળ જે મા;
બુદ્ધ કલંકી નામ, દશ વીધ ધરી દેહે મા. ૩૭
મધ્ય મથુરાંથી બાળ, ગોકુળ તો પોતું મા;
તેં નાંખી મોહ જાળ બીજું કોઇ નોતું મા. ૩૮
પૂર્ણ કૃષ્ણ અવતાર, કરી કારણ કીધું મા;
ભક્તિ મુક્તિ દાતાર, થઇ દર્શન દીધું મા. ૩૯
બાંડાને વળી નાર, પુરૂષપણે રાખ્યા મા;

એ અચરજ સંસાર સ્રુતી સ્મૃતીએ ભાખ્યા મા. ૪૦
જાણી બ્રહ્મંડળ કાય, જગમાં અનુક્તી મા;
મા મોટે મહીમાય, ઇંદ્ર કથે યુક્તી મા. ૪૧
મેહેરામણ નથ્યા મેર, કીધો રવૈયો સ્થીર મા;
કાઢયાં રત્ન એક તેર, વાસુકીનાં નેતર મા. ૪૨
સુર સંકટ હરનાર, શેવકને સનમુખ મા;
અવગતી અગમ અપાર, આનંદી નીધી સુખ મા. ૪૩
જનકાદીક મુની સાથ, શેવે વિવિધ વિધે મા;
આરાધી નવ નાથ, ચોરાશી સીદ્ધે મા. ૪૪
આવી અયોધ્યા ઇશ, નામી શીશ વળ્યા મા;
દસ મુસ્તક ભુજ વીશ, છેદી શીત મળ્યા મા. ૪૫
નૃપ ભીમકની કુમાર, તમ પુજે પતી મા;
રૂક્ષમણી રમણ મુરાર, મન ગમતો સ્વામી મા. ૪૬
રાખ્યા પાંડુ કુમાર, છાના સ્ત્રી સંગે મા;
ત્યાં વરસ એક બાર, વાસ્યા તમ આગે મા. ૪૭
બાંધ્યો તન પ્રદુમન, છુટે નહી કેથી મા;
સમરી પુરી સંખન, ગયો કારા ગ્રહેથી મા. ૪૮
વેદ પુરાણ પ્રમાણ, શાસ્ત્ર સકલ સાખી મા;
શકતી શ્રષ્ટી મંડળ, સર્વ રણાં રાખી મા. ૪૯
જ્યાં જ્યાં જુકતી જોઇ; ત્યાં ત્યાં તું તેવી મા;
સમવીત ભ્રમવીત ખાઇ, કહી ન શકુ કેવી મા. ૫૦
ભુત ભવીશ વર્તમાન, ભગવતી તું ભવનીાં
આધ મધ્ય અવસાન, આકાશે અવની મા. ૫૧
તીમર હરણ શશી સુર, તે તારો ધીકો મા;
અમી અગ્ની ભરપુર, થઇ પોખો શોખો મા. ૫૨
ખટ રૂતુ રસ ખટ માશ, દ્વાદશ પ્રતીબંધે મા;
અંધકાર ઉજાસ, અનુક્રમે અનુ સાધે મા. ૫૩
ધરતી તળ ધન્ય ધન્ય, ધ્યાન ધરે મા;

પાલન પ્રજા પ્રજન, અણુચીતવ્યાં આવો મા. ૫૪

સકલ સમૃધ્ધિ સુખદાઇ, પય દધિ ગૃત માંહિ મા;
સરવે રસ સરસાઇ, તું વીણુ નહીં કાંઇ મા. ૫૫

સુખ દુખ બે સંસાર, તારા નિપાયાં મા;
બુદ્ધિ બળને બળે આહાર, ઘણું ડાહ્યાં વાહ્યાં મા. ૫૬

ક્ષુધા તૃષા નિદ્રાય, લક્ષુ જોગન શ્રદ્ધા મા;
શાંતિ શુર શીમાય, તું સઘળે સીદ્ધા મા. ૫૭
કામ ક્રોધ મોહ લોભ, મદ મત્સર મમતા મા;
તૃષ્ણાથી સ્થીર થોભ, શરમ ધરે ખમતા મા. ૫૮

અર્થે ધર્મને કામ, મોક્ષ તું મોહ માયા મા;
તન તનનો વીશ્રામ, ઉર અંતર છાયા મા. ૫૯

ઉદે ઉદારણુ અસ્ત, આદ્ય અનાદેની મા;
ભાષા ભુર સમસ્ત, વાક વીવાદેની મા. ૬૦

હરખ હાસ્ય ઉપહાસ્ય, કાવ્ય કવીત વીત તું મા;
ભાવે ભેદ નીજ ભાસ્ય, ભકતી ભલી ચીત્ત તું મા. ૬૧
ગીત નરત વાજીંત્ર, તાળ તાન માને મા;
વાણી વીવીવ વીચીત્ર, લેણ અગણીતગાને મા. ૬૨

રતી રત વીલસ વિલાસ, આશ સકલ જગની મા;
તન મન ધન મધ્ય વાસ, મન મોહ માયા મગની મા. ૬૩
જાણ અજાણે જગત, બે બાંધ્યાં જાણે મા;
જાવજી સકલ આ શષ્ટ સૌ સરખાં માનેના. ૬૪

વીવીધ ભોગ મરજાદ, જગ દાખ્યું ચાખ્યું મા;
ગરથ સુરત નિરવાદ પદ પોતે રાખ્યું મા. ૬૫

જલ થલ શાખા પત્ર, પુષ્પ ફળે ફરતી મા;
પુરણ માત્ર એક અત્ર, રસ બસ વિચરતી મા. ૬૬

નીપટ અટપટી વાત, નામ દઉં કોનું મા;
સરજી સાતે ધાત માંત અધિક શોનું માં ૬૭

રત્ન મણીક માણીક, નંગ મઢયા મુકતા મા,

આભા અટ અધિક, અન્ય ન સંયુક્તા મા. ૬૮
નીલ પીત આરક્ત, શ્યામ શ્વેત સરખી મા,
ઉભય વ્યક્ત અવ્યક્ત, જગ જેવી નીરખી મા. ૬૯
નાગ જે અષ્ટ કુળ આદ, હીમાચળ આ દે મા,
પવન ગવન ઠઠી ઠાઠ, તુજ રચીતા બાધે મા. ૭૦
વ્યાપી કુપ તલાવ, તું સરીત સીધુ મા,
જગ તારણુ જે નાવ, તું તારણુ બધું મા ૭૧
વૃક્ષ વન ભાર અઢાર, ભુ ઉપર ઉભા મા,
કૃત્ય કર્મ કરતાર, કોશ વિધી ભાખુ મા. ૭૨
જડ ચૈતન અભિમાન, અંશ અશ ધારી મા,
માનવી મોટે માન, એ કરણી તારી મા. ૭૩
વરણ ચાર વિધી કર્મ, ધર્મ સહિત થાપી મા,
એને બાર અગર્મ, અનુચા વર આપી મા. ૭૪
વાડવ વહની નીરાશ, મુખ માતા કોપે મા,
તૃપ્તે તૃપ્તે આશ, માત જગત જોતે મા. ૭૫
લખ ચોરશી જંત, સૌ તારા કીધા મા,
આણ્યો અસુરનો અંત, દંડ ભલા દીધા મા ૭૬
દુષ્ટ દમા કઇ વાર, દારૂણ દુખ દેતા મા,
દૈત્ય કર્યાં સંહાર, જાગ જગન લેતા મા. ૭૭
શુદ્ધ કરણ સંસાર, કર ત્રીશુલ લીધું મા,
ભુમી તણે શીર ભાર, હરવા મન કીધું મા. ૭૯
બહુચર બુદ્ધિ ઉદાર. ખલ ખોળી ખાવા મા,
અતઃકરણ અભવ અપાર,સાદ કરે સાવા મા. ૮૦
અધમ ઉધારણ હાર, આસનથી ઉઠી મા,
રાખણ જગ વ્યવહાર બુધી બાંધી મુઠી મા. ૮૧
આણી મન આનંદ, મા માંડ્યાં પગલાં મા,
તેજ કીરણ રવી ચંદ્ર, દો નનાં ડગલા મા. ૮૨
ભર્યાં કદમ બેચાર મદમાતી મદઝર મા,

મનમાં કરી વિચાર તેડાવ્યો અનુચર મા. ૮૩

કુરકુટ કરાં આરોહ કરૂણા કર ચાલી મા,
નખ પંખી મેલ્યે.હ, પગ પૃથ્વી હાલી મા. ૮૩

ઉડીને આકાશ, થઇ અદભુત આવ્યો મા,
અધક્ષણમાં એક શ્વાસ, અવનીતલ આવ્યો મા ૮૪

પાપી કરશુ નીપાત, પૃથ્વી પડ માંહી મા,
ગાઢ્યું મન ગુજરાત, ભીક્ષા ભડ માંહી મા. ૮૫

ભાળી ભવાની રાય, ભાવ ભલે ભાળે મા,
કીધી ઘણી કૃપાય, સુંવાળે આળે મા. ૮૬

નવખંડ ન્યાળી તેટ, નજર વજર પેઠી મા;
ત્રણગામ તરભેટ, ઠેઠ ઠરી બેઠી મા. ૮૭

શેવક શરણા કાજ, શખલપુર શેડે મા
ઉઠ્યો એક અવાજ, દેડાણા નેડે મા ૮૮

આવ્યાં અશરણ શરણુ, અતી આનંદ ભર્યા મા
ઉદીત મુદિત રવી કર્ણુ, દશ દીશ જશ પસર્યા મા. ૮૯

સકળ સમય જગ માત, બેઠાં ચિત્ત સ્થિર થઇ મા,
વસુધામાં વિખ્યાત, વાત વાયુ વિધિ ગઇમાં ૯૦

જાગે જગ સુધુ જોર, જગ જનની જોખે મા
અધીક ઉડાડ્યો સોર, વાસ કરી ગોખ મા. ૯૧

ચાર ખુંટ ચોખાણુ, ચરચા એ ચાલી મા,
જન જન પ્રિતી સુખવાન, બહુ ચર્ચા ચાલી મા. ૯૨
ઉદો ઉદો જયકાર, કીધો નવખંડે મા.
મંગલ વરત્યા ચાર, ચહુદે બ્રહ્માડે મા. ૯૩

ગાજ્યા સાગર સાત, દુધે મેહ ઉઠ્યા મા,
અધર્મ ધર ઉતપાત, શો કીધા જુઠા મા. ૯૪

હરખ્યા સુરનર નાગ, સુખ જોઇ માતાનુ મા
અવીલોકી અનુરાગ, મન મુની સરખાનું મા. ૯૫

નવ ગ્રહ નમવા કાજ, પાગ પળી આવ્યા મા

ઉપર ઉતરતો જ, મણી મુક્તા લાવ્યા મા. ૯૬
દસ દીસના દીગપાળ, દેખી દુખ વામ્યાં,
જનમ મરણ જંજાળ મટતાં સુખ પામ્યા મા. ૯૭
ગુણ ગાંધરવ જશ ગાન નરત કરે રંભા મા,
સુર સ્વર સુણતા તાન, ગતી થઇ રંભા મા.
ગુણ નીધી ગરબો જેહ બહુચરમા કેરો મા,
ધારે ધારી દેહ, સફલ ફરે ફેરો મા. ૯૮
પામે પદાર્થ પાંચ શ્રવણે સાંભલતા મા,
નાવે ઉની આંચ, દાવા નળ બળાતા મા. ૧૦૦
સસ્ત્ર ન અડકે અંગ, આદ્ય શક્તી રાખે મા
નીલ નીસ નવલે રંગ, ધર્મ કર્મ પાખે મા. ૧૦૧
જલ જે અકલ અઘાત, ઉતારે બેડે મા,
ક્ષણ ક્ષણ નીશદીન પ્રાત ભવ સંકટ ફેડે મા. ૧૦૨
ભુત પ્રેત જંબુક, વ્યંતર ડાકીણી મા.
નાવે આડી અચુક, સમરે સાકીણી મા. ૧૦૩
ચરણ ભરણ ગતી ભંગ, ખગ પખ.ળે મા.
ગંગ મુગ સુખ અંગ. વ્યાધી બધી ટાળે મા. ૧૦૪
રેણ વીહીણા નેણ, નેહે નેણા આપે મા,
પુત્ર વિહિણા કેણ, કંઈ મેણા કાપે મા. ૧૦૫
કળી કલપ તરૂ ઝ.ડ, જે જાણે તેને મા,
ભક્ત લડાવે લાડ, પાડ વીના કેને મા. ૧૦૬
પ્રગટ પુરૂષ પુરસાઇ, તું આપે પલમાં મા
ઠાકા ઘેર ઠકરાઇ, દોલત હલબલમાં મા. ૧૦૭
નીરધનને ધન પાત્ર તું કરતા શું છે મા,
રોગ દોષ દુઃખ મત્ર, તું હરતા શું છે મા. ૧૦૮
હય ગજ રથ સુખપાલ, આલ વિના આજરે મા,
બીરદે બહુચર બાલ, ન્યાલ કરે નજરે મા. ૧૦૯
ધર્મ ધજા ધન ધાન, ન ટળે ધામ થકી મા,

મહીપતી દેખુ માન, નમ થકી મા. ૧૧૦
નરનારી ધરી હેત, જે હેને ગાશે મા,
કુમતી કર્મ કૃત એહ, થઇ ઉડી જાશે મા ૧૧૧
ભગવતી ગીત ચરીત્ર, નીત્ય સુંણશે કાને મા,
થઇ કુળ સહિત પવીત્ર, ચડશે વૈમાને મા. ૧૧૨
તુંથી તથી જે વસ્ત, તેથી તને તરપુ મા,
પુરણ પ્રગટ પ્રસ્ત, શી ઉપમા અરપુ મા. ૧૧૩
વારંવાર પ્રણામ, કરજોડી કીજે મા,
ધીરમળ નિશ્ચય નામ. જનનીનું લીજે મા. ૧૧૪
નમો નમો જગ માત, નામ સહસ્ત્ર તારે મા,
માત તાતને ભ્રાત, તું સર્વે મારે મા. ૧૧૫
સંવત શત દશ સાત, નેવું શાલશુભ શુધે મા;
તાથી તૃતીયા વીખીઆત, શુભવાસર બુધે મા. ૧૧૬
રાજનગર નીજ ધામ, પુર નવીન મધ્યે મા:
આઇ આદ્ય વીશ્રામ, જાણુ જગત ગર્વે મા. ૧૧૭
કરી દુર્લભ સુલભ, રહુ છેવાડો મા:
કરજોડી વલ્લભ કહે ભટ મેવાડો મા ૧૧૮

શીવશક્તિની આરતીનો ગરબો. ૨૬.

જે આદ્ય શકતી મા, જે આદ્યા શક્તિ;
અખંડ બ્રહ્માંડ નીપાવ્યા, પડવે પંથક મા.
જયો જયો મા જગતએ. ટેક.
દ્વીતીયા બે સ્વરૂપ શીવ શકતી જાણું મા;
બ્રહ્મા ગણપતી ગાવું હરી ગાઉં હરી મા. જયો. ૨
તૃતીયા ત્રણ સ્વરૂપ, ત્રીભુવનમાં બેઠાં મા:
ત્રયસ્થકી તરવેણી, તું તરવેણી મા. જયો. ૩
ચોથે ચતુરા મહા લક્ષ્મીજી, સચરાચર વ્યાપ્યાં મા:
ચાર ભુજા ચોદશા, પ્રગટયાં દક્ષીણમાં.
પંચમી પંચ રૂપો પંચમ ગુણપદમા મ;

પંચ સહસ્ત્ર ત્યાં સોહયે, પચ્ચે તત્વે મા. જયો.

પટી તું નારાયણી, મહીશાસુર મારયો મા;
નર નારીને રૂપે, વ્યાપ્યાં સઘળે મા. જયો.

સપ્તમી સપ્ત પાતાળ, સાવીત્રી શેના મા;
ગઉ ગંગા ગાયત્રી, ગઉરી ગીતા મા. જયો.

અષ્ટમી અશ્ટ ભુજા, આઇ આનંદા મા;
સુરવર મુનીવર જનમ્યા, દેવ દઇતે મા. જયો.

નવમી નવકુળ નાગ, સેવે નવ દુરગા મા;
નવરાત્રીનાં પુજન, કીધાં છે બ્રહ્મા મા. જયો.

દશમી દશ અવતાર, જય વીજીયા દશમી મા;
રામે રમ રમાડયા, રાવણ રોળ્યો મા. જયો. ૧૦

એકાદશી અગીયારસ, કાત્યાયની કામા મા;
કામદુધા કાલીકા, સ્યામા ને રામા. જયો. ૧૧

બારશ બાલા રૂપ, બહુચરી અંબા મા;
બટુક ભૈરવ સોહીએ, તારા છે તુજ મા. જયો. ૧૨

તેરશ તુળજા રૂપ, તું તારણી માતા મા;
બ્રહ્મા વીષ્ણુ સદાશીવ, ગુણ તારા ગાતા. જયો. ૧૩

ચૌદસે ચૌદે રૂપ, ચંડી ચામુંડા મા;
મારકંડે લખાણ્યાં, ગાઇ શુભ કવિતા. જયો. ૧૪

પુનમે પુરણ કરી, સ્તંભાવતી નગરી મા;
વશીષ્ઠે માંહી વખાણી, શુણી કરજો કરૂણા. જયો. ૧૫

સંવત સતાવન સોળે, તીથી ભાવે મા;
સંવત સોળે પ્રગટી, રેવાને તીરે. જયો. ૧૬

શીવ શક્તિની આરતી, જે ભાવે ગાશે મા;
એ શીવાનંદ સ્વામી, સુખ સંપતી થાશે. જયો. ૧૭

સમાપ્ત.